# સર્વોદય પાત્ર

વિનોબા
દાદા ધર્માધિકારી
તથા અન્ય

GJ 891.474
V 77 S

યજ્ઞ પ્રકાશન
ભૂમિપુત્ર, હુઝરાતપાગા, વડોદરા ૩૯૦૦૦૧

# સર્વોદય-પાત્ર

સર્વોદયપાત્ર વસાવીને હું સંકલ્પ કરું છું કે :

૧. હું મારા ઘરમાં સ્વેચ્છાપૂર્વક સર્વોદયપાત્ર સ્થાપું છું.

૨. સર્વોદયપાત્ર સ્થાપવામાં મારા કુટુંબની સંમતિ છે.

૩. સમાજને પ્રથમ અર્પણ કર્યા પછી અન્ન ગ્રહણ કરવાનો સંસ્કાર કુટુંબનાં નાનાંમોટાં સૌને નિત્ય અનાયાસે મળશે, એ વાતનો મને પરમ સંતોષ છે.

૪. અહિંસક સમાજરચનામાં મારી સંમતિ છે.

૫. મારા કુટુંબ તરફથી અશાંતિને અવસર નહીં આપું અને શાંતિ સ્થાપવાનો સતત પ્રયત્ન કરીશ.

—જય જગત્

સર્વોદય-પાત્ર ભિક્ષા નથી પણ દીક્ષા છે.

# સર્વોદય-પાત્ર

SARVODHYA PATAR


વિનોબા VINODHA

દાદા ધર્માધિકારી

રવિશંકર મહારાજ

જુગતરામ દવે

બબલભાઈ મહેતા

સુભદ્રાબહેન ગાંધી



યજ્ઞ પ્રકાશન

ભૂમિપુત્ર, હુઝરાતપાગા, વડોદરા - ૩૯૦૦૦૧

કીમત બે રૂપિયા
(મહેસાણા જિલ્લા સર્વોદય મંડળની સહાયથી)

Library IIAS, Shimla
GJ 891.474 V 77
00130263

પ્રથમ આવૃત્તિ
પ્રત ૫,૦૦૦ ડિસેમ્બર ૧૯૫૮
બીજી આવૃત્તિ
પ્રત ૧૦,૦૦૦ જાન્યુઆરી ૧૯૫૯
ત્રીજી આવૃત્તિ
પ્રત ૨,૦૦૦ જુલાઈ ૧૯૬૮
ચોથી આવૃત્તિ
પ્રત ૩,૦૦૦ ડિસેમ્બર ૧૯૭૦
પાંચમી આવૃત્તિ
પ્રત ૨,૦૦૦ જાન્યુઆરી ૧૯૯૫

GJ
891.474
V 77 S

INDIAN INSTITUTE OF ADVANCED STUDY
Acc. No. 130263
Date 9-9-2010
SIMLA

પ્રકાશક
કાન્તિ શાહ
યજ્ઞ પ્રકાશન, સમિતિ હુઝરાતપાગા, વડોદરા - ૧

મુદ્રક
જગદીશ શાહ
યજ્ઞ મુદ્રિકા, હુઝરાતપાગા, વડોદરા - ૧

# પ્રકાશકીય

વિનોબાજી કહે છે કે ' એકેએક ઘરમાં સર્વોદય-પાત્ર મૂકવામાં આવે, પછી તે માણસ ગમે તે પક્ષનો હોય. જે શાંતિ ચાહતો હોય તે પોતાના ઘરમાં સર્વોદય-પાત્ર મૂકે.' વિનોબાજી સર્વોદય-પાત્રને શાંતિ માટેની સંમતિના પ્રતીક રૂપ ગણે છે. અહિંસાના વિચાર માટેની આ એક વ્યાપક લોકસંમતિ છે. વિનોબાજીએ આ સર્વોદય-પાત્રના કાર્યક્રમને શાંતિ-સેનાના કાર્યક્રમ સાથે જોડી દીધો છે.

સર્વોદય-પાત્ર અંગેના વિનોબાજીના વિચારો આ પુસ્તિકામાં સંઘરાયા છે. તે ઉપરાંત દાદા ધર્માધિકારી, જુગતરામ દવે, રવિશંકર મહારાજ, બબલભાઈ મહેતા અને સુભદ્રાબહેન ગાંધીનાં ભાષણો દ્વારા કીમતી ઉમેરણ થયું છે. અગાઉ આ પુસ્તિકાની ચાર આવૃત્તિ થઈ ચૂકી છે. તે પરથી આ નવી સુધારેલી-વધારેલી આવૃત્તિ તૈયાર કરી છે.

વિનોબાએ માનવસમાજના સ્વાસ્થ્ય માટે સદૈવ ઉપયોગી એવી કેટલીક વાતો, કાર્યક્રમો, સંસ્કારોની વાતો કરી છે તે પૈકી સર્વોદયાત્ર મુખ્ય હોઈ વિનોબાજીની જન્મ શતાબ્દીના આ વર્ષમાં તેનું પ્રકાશન ગુજરાતની જનતાને ખૂબ ઉપયોગી થશે.

૩૦-૧-૯૫

ગાંધી નિર્વાણ દિન

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧ | અહિંસાનું રાજ રચવા લોકસંમતિ | વિનોબા | ૧ |
| ૨ | મૂઠીભર અનાજ, જગભર શાંતિ | વિનોબા | ૭ |
| ૩ | આમૂલ લોકક્રાંતિનું વાહન | વિનોબા | ૧૨ |
| ૪ | અહિંસાની વ્યૂહરચના | વિનોબા | ૧૫ |
| ૫ | સર્વોદય-પાત્ર માટેની તીવ્રતા | વિનોબા | ૧૬ |
| ૬ | ઊંઘતા વચ્ચે જાગતો માણસ | સુભદ્રાબહેન ગાંધી | ૧૭ |
| ૭ | ક્રિયાત્મક પ્રતીક | દાદા ધર્માધિકારી | ૧૯ |
| ૮ | મૂઠી ધાનનો સંદેશ | જુગતરામ દવે | ૨૩ |
| ૯ | વિનોબાના ખેપિયા બનીએ | રવિશંકર મહારાજ | ૨૪ |
| ૧૦ | ચાલો, ગોળે ગળણું બાંધીએ | બબલભાઈ મહેતા | ૨૬ |

# : ૧ : અહિંસાનું રાજ રચવા લોકસંમતિ

આજકાલ શું આપણા દેશમાં કે શું દુનિયામાં, બધે સૌથી મોટો પ્રશ્ન શાંતિનો છે. દુનિયાના નીતિમાન પુરુષોના હૃદયમાં અશાંતિ સામે એક ખળભળાટ મચી ગયો છે. પરંતુ સજ્જનોના હૃદયમાં ખળભળાટ મચ્યો હોવા છતાં જ્યાં સુધી મહાજનોનાં અંતરમાં ખળભળાટ પેદા ન થાય ત્યાં સુધી શાંતિ સ્થપાઈ શકે નહીં. જેમના હાથમાં સરકાર છે, તે સત્તાધારીઓને જ 'મહાજન' કહેવામાં આવે છે. મતદાન દ્વારા લોકો જ તેમના હાથમાં સત્તા સોંપે છે. એટલે આપણી સરકાર લોકસંમત સરકાર મનાય છે. એટલે અશાંતિ અને અશાંતિમય સાધનો વિરુદ્ધ લોકમત તૈયાર કરવાનું કર્તવ્ય સજ્જનોનું છે. પરંતુ આજે તો સ્થિતિ તદ્દન ઊલટી છે. આજની સરકારને લોકોની સંમતિ મળેલી જ છે એટલે સરકાર જે કંઈ કામ કરે તેની પાછળ લોકોનું પીઠબળ છે તેમ માની લેવામાં આવે છે.

## શાંતિ માટે જનમત પ્રગટ થાય

હવે જે લોકો એમ ઇચ્છે છે કે શસ્ત્રોનું રાજ્ય સદૈવ બની રહે તેઓ પણ કહે છે કે અણુબોંબ તો ન જોઈએ. એનો અર્થ એમ થયો કે તેઓ પણ સમજી ગયા છે કે હવે દંડની સત્તા નહીં ચાલે. લોકોને આવું વિચારવાની પ્રેરણા થાય છે એનો અર્થ જ એ છે કે પરમાત્મા સૃષ્ટિનો સંહાર નથી ઇચ્છતો, અને તે અહિંસાનો પ્રચાર થાય એમ ઇચ્છે છે. 'લોકોનો આજે

હિંસા-શક્તિ પરથી વિશ્વાસ ઊઠી રહ્યો છે. એમને ભય લાગી રહ્યો છે કે ભવિષ્યમાં હવે લોકો પર જબરદસ્તીથી શાસન નહીં કરી શકાય. એટલે હવે જનમત પ્રગટ થવો જોઈએ કે અમારી સરકારનાં અશાંતિમય કાર્યોમાં અમારી જનતાની સંમતિ નથી. એવો લોકમત પ્રગટ થાય તો જ વિશ્વમાં શાંતિ સ્થપાઈ શકે.

## હિંસા-અહિંસાની તુલના

હવે ' હિંસા અમને ભાવે છે, વહાલી છે,' એવું કોઈ કહેશે ખરું ? તેમ છતાંય હિંસામાં એક ગુણ છે કે હિંસાનો સામૂહિક સંકલ્પ થઈ શકે છે. પચાસ લાખની સેના જર્મન રાષ્ટ્ર ઊભું કરી શકે છે. અને હિટલરના હુકમથી બીજાં રાષ્ટ્રો પર હુમલો કરી શકે છે. તો આમ હિંસામાં ભલા કે બૂરા સંકલ્પો સામૂહિક ધોરણે થઈ શકે છે. હવે અહિંસા જો એ સિદ્ધ કરી બતાવે કે અહિંસામાં પણ સામૂહિક સંકલ્પો થઈ શકે છે અને થાય છે, તો વિજ્ઞાનયુગમાં માણસની શક્તિ પ્રગટ થશે. અહિંસામાં અત્યાર સુધી આ થયું નથી. અહિંસાના સંકલ્પો વ્યક્તિગત જ થતા હતા. કોઈ બહુ ઉદાર, પ્રેમી, ત્યાગી વ્યક્તિ હોય તો લોકો એની પ્રશંસા કરે : પણ સામૂહિક સંકલ્પ ભોગનો થતો હતો, ત્યાગનો નહીં. તો હિંસાની માફક અહિંસાનો પણ સામૂહિક સંકલ્પ થઈ શકે છે, એવું સિદ્ધ કરી બતાવવાનું છે. જો એ થઈ શકે એમ સિદ્ધ કરીએ તો અહિંસાનું ચાલશે.

## અહિંસાનું રાજ્ય રચવા

આખરે તો જે શક્તિ દેશનું રક્ષણ કરવામાં સમર્થ નીવડે છે તેનું જ રાજ થાય છે, પછી તે શક્તિ ચાહે તો હિંસાની હોય કે પછી અહિંસાની હોય. હવે અહિંસાની શક્તિ દુનિયાને વીલે મોઢે કહે કે દુનિયાને ઉગારવાનું મારું ગજું નથી અને તોય રાજ્ય તો મારું જ ચાલે, તો આવું તે કંઈ બનતું હશે ? વિનોબાના પ્રયત્નોથી કાંઈ અહિંસા રાજસિંહાસન પર સવાર થઈ શકવાની નથી. આજે હિંસા કંઈક રક્ષણ કરે છે એવો ભાસ થાય છે, પણ વાસ્તવમાં જોઈશું તો તે આભાસ જ છે. તો અહિંસામાં પણ રક્ષણ કરવાનું સાચું સામર્થ્ય છે એ આપણે સાબિત કરી આપવું જોઈએ. એટલા માટે મેં શાંતિ-સેનાની યોજના મૂકી છે. સર્વોદય-વિચાર અને શાંતિસેના બંનેને એકબીજાથી અળગા કરી શકાય એમ નથી. બંને એક જ ચીજ છે. ટૂંકમાં, આપણી પાસે લોક-સંમતિનો આધાર હોવો જોઈએ.

## લોકસંમતિ શીદને?

સામાન્ય રીતે સરકાર સૈન્યને સહારે ટકે છે એવું આપણી નજરે ચઢે છે, અને તેની પાસે શાસ્ત્રાસ્ત્રો છે પણ ખરાં. તોય હકીકતમાં એની સેના જે કંઈ કામ કરે છે એને પણ આંશિક (પાર્શ્યલ) લોકસંમતિ છે; અને તોય એ સેનાના સમર્થનમાં એ તત્ત્વ છે તો ખરું જ.

સરકાર સૈન્ય રાખે છે, પરંતુ તેની પાછળ લોકોની સંમતિ હોય છે. તે ખર્ચ લોકો આપે છે. મારી સામે આ નાનો છોકરો બેઠો છે તે પણ આપે છે. શું તે કપડાં નથી પહેરતો ? કપડાં ઉપર ટેક્સ નાખ્યો છે. તમે બીડી-સીગરેટ પીઓ છો, કદી પોસ્ટ-કાર્ડ લખતા હશો તો તેની ઉપર ટેક્સ નાંખેલો છે. કદી ટ્રેનમાં બેસતા હશો તો તેની પર પણ ટેક્સ નાંખેલો છે. તમે સૌ ટેક્સ ભરો છો. ટેક્સ એટલે કે તમારી સંમતિ. એટલે સરકાર સૈન્ય રાખે છે તેની પાછળ તમારી સંમતિ છે જ. આવી રીતે દરેક જણની સંમતિ હોવી એ એક શક્તિ છે.

માટે હવે આપણે પણ આપણા કાર્યક્રમ માટે લોકસંમતિ મેળવવી જોઈએ. અત્યાર સુધી આપણે એ કામ કર્યું નથી. આપમે ખાદીનું કામ કર્યું પણ એમાં આપણે લોકસંમતિ ન મેળવી. લોકો -- થોડા વિશિષ્ટ લોકોની નહીં પણ આમજનતા -- ની સંમતિથી જ આપણું કામ થઈ શકે છે. થોડા લોકો તો એનો વિરોધ પણ કરતા આવ્યા છે. કહે છે, આ લોકો તો આભડછેડ મિટાવવા આવ્યા છે, અમને એ ન ખપે. તો હું લોકસંમતિ, તમામ લોકોની આમસંમતિ માગું છું. હા, આપણે જો મામૂલી સેવા જ કરવી હોય તો આવી સંમતિની કશી તમા નથી. જો કોઈ સારો ડૉક્ટર હોય અને તે લોકોને મફત દવા આપતો હોય તો તેમાં લોકસંમતિની કશી જરૂર નથી. જેને તે દવા જોઈતી હોય તે લઈ લેશે. એટલા માટે આવા પ્રકારના સામાજિક સેવકોને લોકસંમતિની જરૂરત નથી; પણ એવી સેવા, જેનાથી લોકોને કંઈક તકલીફ થવાની છે, અને જેની મારફત સમાજરચનામાં જ ક્રાંતિ કરવી છે, તેમાં લોકસંમતિ અનિવાર્ય છે.

## શરૂમાં કડવું, પણ પાછળથી મીઠું સાત્ત્વિક સુખ

આપણા કામમાં શરૂઆતમાં તો દુઃખ જ પહોંચે છે, અને સુખનું તો આપણે માત્ર આશ્વાસન જ આપીએ છીએ. દુઃખ હોય છે નગદ- રોકડું અને સુખ હોય છે ઉધાર. ગીતામાં લખી રાખેલું છે કે સાત્ત્વિક સુખનું એ લક્ષણ

છે કે શરૂઆતમાં તે કડવું લાગે છે, પણ પાછળથી મીઠું લાગે છે.*

મેં ગીતામાં આ વાંચ્યું ત્યારથી અમૃત તરફ મને એક જાતની ઘૃણા થઈ ગઈ; કારણ અમૃત તો મીઠું જ મીઠું લાગે છે; જ્યારે સાત્ત્વિક સુખ હોય તો તે શરૂઆતમાં કડવું લાગવું જોઈએ. તો સમાજનું આખેઆખું કલેવર જ્યારે બદલાઈ જશે ત્યારે તો તેનું પરિણામ મીઠું જ આવવાનું છે; પણ આજની હાલતમાં તો તે કંઈને કંઈ તકલીફ દેશે જ. તો આપણી સેવા કંઈ ને કંઈ તકલીફ દેનારી છે, એટલા માટે એમાં લોકસંમતિની જરૂર છે. મુદ્દે એમાં જો સમાજરચના બદલવાનો દાવો ન હોત અને ખાલી ભાઈભલાઈની જ વાત હોત તો આપણે લોકસંમતિ વિના પણ તે શરૂ કરી શકત; પણ આપણું કામ જુદું છે, આથી હવેથી આપણે લોકસંમતિ મેળવવાની કાળજી લેવી જોઈશે. લોકસંમતિ લીધા વગર સમાજને તકલીફ આપવી એ અહિંસાની પ્રક્રિયા નથી, હિંસાની પ્રક્રિયા છે. એટલે આપણા માટે લોકસંમતિ મેળવવી આવશ્યક છે.

## સર્વોદય-પાત્રનો વિચાર જડ્યો તે દિવસે હું ઋષિ બની ગયો

તો હું કહેવા એ માગતો હતો કે આપણને લોકસંમતિ મળવી જોઈએ, અને એટલા માટે મેં સર્વોદય-પાત્રનો વિચાર મૂક્યો છે. જે દિવસે મને સર્વોદય-પાત્રનો વિચાર સૂઝયો તે દિવસે મને લાગ્યું કે આજે હું ઋષિ બની ગયો. જે દિવસે મને પહેલું ભૂદાન મળેલું તે દિવસે પણ મને આવી લાગણી નહોતી થઈ. તે દિવસે મને એટલું જ લાગેલું કે આ તો ભગવાને સુઝાડ્યું છે અને આ જ કામ કરવવા માટે તે મને દબાણ કરી રહ્યો છે. હું તો મનોમન ડર્યા કરતો હતે કે આવું ગંજાવર કામ તે મારાથી કેમ થશે ? મારે આમાં ઝંપલાવવું ન જોઈએ; પણ પાછો તે અંદરથી આહ્વાન કરતો હતો કે 'જો તને અહિંસાની શક્તિ પર વિશ્વાસ હોય તો તારે આ કામ ઉપાડી લેવું જોઈએ !' જો તે મને માગવાની પ્રેરણા આપે છે તો તે જ લોકોને આપવાની પ્રેરણા પણ આપશે એવી આસ્થા સાથે મેં ઝુકાવ્યું. પણ જે દિવસે મને સર્વોદય-પાત્રનો વિચાર સૂઝયો, તે દિવસે મને લાગ્યું કે 'હવે હું ઋષિ બની ગયો. હવે મને દર્શન થયું.' ઋષિ અર્થાત્ દ્રષ્ટા.

---

* यत्तदग्रे विषमिव परिणामे ऽमृतोपमम् ।
तत्सुखं सात्त्विकं प्रोक्तमात्मबुद्धिप्रसादनम् ॥

## અહિંસા માટે સક્રિય સંમતિ

સરકાર પણ સંમતિના આધારે જ રચાય છે. રાજકીય પક્ષો મત દ્વારા લોકસંમતિ મેળવે છે. પરંતુ તેમાં લોકોને કંઈ કરવાપણું હોતું નથી. જે-તે પક્ષને પોતાનો મત આપી દઈ પોતાની બધી જવાબદારી ખંખેરી નાખી પોતપોતાના કામમાં લાગી જવું. આ તો નિષ્ક્રિય સંમતિ કહેવાય. હું આવા નિષ્ક્રિય સંમતિ-દાનની માંગણી નથી કરતો. જે કોઈ સંમતિ-દાન આપે તે સંમતિની સાથે આ કામમાં મદદ કરવાની પ્રતિજ્ઞા કરે. પછી ભલે ને પ્રતીકરૂપ સૂતરની એક આંટી આપે કે બીજું કંઈ આપે. પણ સંમતિ એ આવી એક સક્રિય વસ્તુ છે.

## સર્વોદયપાત્ર – સંમતિનું પ્રતીક

હું આ સંમતિ-દાનમાં પ્રતીક રૂપે પ્રત્યેક ઘરમાંથી એક મૂઠી અનાજ માંગું છું, અને તે પણ ઘરમાં નાનામાં નાનું બાળક હોય તેનું મૂઠીભર અનાજ મને મળે, આ મારી માગણી છે. આમાં મારું એક દર્શન છે. ઘરનો મોટો માણસ કે મા પોતે જ સર્વોદયને નામે એક મૂઠી અનાજ નાખે તો પુષ્કળ અનાજ મળે. પણ તેવા હેતુથી આ કામ નથી કરવાનું. આપણને તો નાના બાળકના હાથથી અનાજ જોઈએ. એમ બે-અઢી તોલા જેટલું અનાજ પેલા પાત્રમાં પડશે. આવું નાનું બાળક મેં શા માટે પસંદ કર્યું ? એટલા માટે કે રોજ ભોજન પહેલાં મા બાળકને પૂછશે, "અરે, સર્વોદયના માટલામાં અનાજ નાખ્યું કે ?" બાળક જો ભૂલ્યું હશે તો મા તરત કહેશે, "જા, પહેલાં નાંખીને પછી ખાવા આવ !"

## અહિંસાની વિકેન્દ્રિત શાળા

આ રીતે ઘણી ભારે ધર્મસંસ્થાપના થશે એવી મારી ભાવના છે. એથી સર્વોદયને અન્ન મળશે, સર્વોદયને સંમતિ મળશે એ બધું તો થશે જ; પરંતુ એથી પણ વિશેષ મહત્ત્વની વાત એ થશે કે બાળકોને શિક્ષણ મળશે. જમતાં પહેલાં બાળકે મૂઠી અનાજ અચૂક નાંખ્યું જ હશે. આવું પ્રત્યેક ઘરમાં બનશે. આ રીતે ભારે મોટી આધ્યાત્મિક અને ભૌતિક શક્તિ પેદા થશે. તે તમામને લાગું પડે છે; કારણ કે માનવ-ધર્મ છે. તેમાં હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, પારસી સૌ કોઈ આવી જાય છે. આવું સર્વોદય-પાત્ર દ્રોપદીનું અક્ષયપાત્ર બનશે. આ પ્રકારનું સંમતિદાન પ્રત્યેક ઘેરથી મળશે. એકેએક ઘરમાં સર્વોદય-પાત્ર સ્થપાશે. જેમ સમુદ્રમાં બધું પાણી આવી મળે છે, તેમ આ સઘળું શાંતિસેના અને ગ્રામદાનમાં આવી મળશે. એના દ્વારા સર્વોદયના વિવિધ કાર્યક્રમો ચાલશે.

છે કે શરૂઆતમાં તે કડવું લાગે છે, પણ પાછળથી મીઠું લાગે છે.*

મેં ગીતામાં આ વાંચ્યું ત્યારથી અમૃત તરફ મને એક જાતની ઘૃણા થઈ ગઈ; કારણ અમૃત તો મીઠું જ મીઠું લાગે છે; જ્યારે સાત્ત્વિક સુખ હોય તો તે શરૂઆતમાં કડવું લાગવું જોઈએ. તો સમાજનું આખેઆખું કલેવર જ્યારે બદલાઈ જશે ત્યારે તો તેનું પરિણામ મીઠું જ આવવાનું છે; પણ આજની હાલતમાં તો તે કંઈને કંઈ તકલીફ દેશે જ. તો આપણી સેવા કંઈ ને કંઈ તકલીફ દેનારી છે, એટલા માટે એમાં લોકસંમતિની જરૂર છે. મુદ્દે એમાં જો સમાજરચના બદલવાનો દાવો ન હોત અને ખાલી ભાઈભલાઈની જ વાત હોત તો આપણે લોકસંમતિ વિના પણ તે શરૂ કરી શકત; પણ આપણું કામ જુદું છે, આથી હવેથી આપણે લોકસંમતિ મેળવવાની કાળજી લેવી જોઈશે. લોકસંમતિ લીધા વગર સમાજને તકલીફ આપવી એ અહિંસાની પ્રક્રિયા નથી, હિંસાની પ્રક્રિયા છે. એટલે આપણા માટે લોકસંમતિ મેળવવી આવશ્યક છે.

## સર્વોદય-પાત્રનો વિચાર જડ્યો તે દિવસે હું ઋષિ બની ગયો

તો હું કહેવા એ માગતો હતો કે આપણને લોકસંમતિ મળવી જોઈએ, અને એટલા માટે મેં સર્વોદય-પાત્રનો વિચાર મૂક્યો છે. જે દિવસે મને સર્વોદય-પાત્રનો વિચાર સૂઝયો તે દિવસે મને લાગ્યું કે આજે હું ઋષિ બની ગયો. જે દિવસે મને પહેલું ભૂદાન મળેલું તે દિવસે પણ મને આવી લાગણી નહોતી થઈ. તે દિવસે મને એટલું જ લાગેલું કે આ તો ભગવાને સુઝાડ્યું છે અને આ જ કામ કરવવા માટે તે મને દબાણ કરી રહ્યો છે. હું તો મનોમન ડર્યા કરતો હતે કે આવું ગંજાવર કામ તે મારાથી કેમ થશે ? મારે આમાં ઝંપલાવવું ન જોઈએ; પણ પાછો તે અંદરથી આહ્‌વાન કરતો હતો કે 'જો તને અહિંસાની શક્તિ પર વિશ્વાસ હોય તો તારે આ કામ ઉપાડી લેવું જોઈએ !' જો તે મને માગવાની પ્રેરણા આપે છે તો તે જ લોકોને આપવાની પ્રેરણા પણ આપશે એવી આસ્થા સાથે મેં ઝુકાવ્યું. પણ જે દિવસે મને સર્વોદય-પાત્રનો વિચાર સૂઝયો, તે દિવસે મને લાગ્યું કે 'હવે હું ઋષિ બની ગયો. હવે મને દર્શન થયું.' ઋષિ અર્થાત્ દ્રષ્ટા.

---

* यत्तदग्रे विषमिव परिणामे ऽमृतोपमम् ।
तत्सुखं सात्त्विकं प्रोक्तमात्मबुद्धिप्रसादनम् ॥

## અહિંસા માટે સક્રિય સંમતિ

સરકાર પણ સંમતિના આધારે જ રચાય છે. રાજકીય પક્ષો મત દ્વારા લોકસંમતિ મેળવે છે. પરંતુ તેમાં લોકોને કંઈ કરવાપણું હોતું નથી. જે-તે પક્ષને પોતાનો મત આપી દઈ પોતાની બધી જવાબદારી ખંખેરી નાખી પોતપોતાના કામમાં લાગી જવું. આ તો નિષ્ક્રિય સંમતિ કહેવાય. હું આવા નિષ્ક્રિય સંમતિ-દાનની માંગણી નથી કરતો. જે કોઈ સંમતિ-દાન આપે તે સંમતિની સાથે આ કામમાં મદદ કરવાની પ્રતિજ્ઞા કરે. પછી ભલે ને પ્રતીકરૂપ સૂતરની એક આંટી આપે કે બીજું કંઈ આપે. પણ સંમતિ એ આવી એક સક્રિય વસ્તુ છે.

## સર્વોદયપાત્ર – સંમતિનું પ્રતીક

હું આ સંમતિ-દાનમાં પ્રતીક રૂપે પ્રત્યેક ઘરમાંથી એક મૂઠી અનાજ માંગું છું, અને તે પણ ઘરમાં નાનામાં નાનું બાળક હોય તેનું મૂઠીભર અનાજ મને મળે, આ મારી માગણી છે. આમાં મારું એક દર્શન છે. ઘરનો મોટો માણસ કે મા પોતે જ સર્વોદયને નામે એક મૂઠી અનાજ નાખે તો પુષ્કળ અનાજ મળે. પણ તેવા હેતુથી આ કામ નથી કરવાનું. આપણને તો નાના બાળકના હાથથી અનાજ જોઈએ. એમ બે-અઢી તોલા જેટલું અનાજ પેલા પાત્રમાં પડશે. આવું નાનું બાળક મેં શા માટે પસંદ કર્યું ? એટલા માટે કે રોજ ભોજન પહેલાં મા બાળકને પૂછશે, "અરે, સર્વોદયના માટલામાં અનાજ નાખ્યું કે ?" બાળક જો ભૂલ્યું હશે તો મા તરત કહેશે, "જા, પહેલાં નાંખીને પછી ખાવા આવ !"

## અહિંસાની વિકેન્દ્રિત શાળા

આ રીતે ઘણી ભારે ધર્મસંસ્થાપના થશે એવી મારી ભાવના છે. એથી સર્વોદયને અન્ન મળશે, સર્વોદયને સંમતિ મળશે એ બધું તો થશે જ; પરંતુ એથી પણ વિશેષ મહત્ત્વની વાત એ થશે કે બાળકોને શિક્ષણ મળશે. જમતાં પહેલાં બાળકે મૂઠી અનાજ અચૂક નાંખ્યું જ હશે. આવું પ્રત્યેક ઘરમાં બનશે. આ રીતે ભારે મોટી આધ્યાત્મિક અને ભૌતિક શક્તિ પેદા થશે. તે તમામને લાગું પડે છે; કારણ કે માનવ-ધર્મ છે. તેમાં હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, પારસી સૌ કોઈ આવી જાય છે. આવું સર્વોદય-પાત્ર દ્રૌપદીનું અક્ષયપાત્ર બનશે. આ પ્રકારનું સંમતિદાન પ્રત્યેક ઘેરથી મળશે. એકેએક ઘરમાં સર્વોદય-પાત્ર સ્થપાશે. જેમ સમુદ્રમાં બધું પાણી આવી મળે છે, તેમ આ સઘળું શાંતિસેના અને ગ્રામદાનમાં આવી મળશે. એના દ્વારા સર્વોદયના વિવિધ કાર્યક્રમો ચાલશે.

જ્યાં બધી ક્રિયાઓ ભેગી થશે ત્યાં અહિંસા-યોગ ચાલશે.

## હિંસક શક્તિઓના વિકલ્પ

તો, એક તો અહિંસક સમાજરચના કરવા માટે લોક-સંમતિના પ્રતીકરૂપે સર્વોદયપાત્ર. જનતાનું તે સક્રિય મતદાન. સરકાર ટેક્સ દ્વારા લોકસંમતિ મેળવે છે તો ટેક્સના સ્થાને આ સર્વોદયપાત્ર. પેલો ટેક્સ તો ફરજિયાત છે પણ આ તો મરજિયાત ટેક્સ. પરંતુ એ મરજિયાત કામ ફરજિયાત કામ કરતાં પણ વધારે ફરજિયાત થશે ત્યારે સમાજ ઊભો થશે. ટેક્સ ફરજિયાત હોવાના કારણે લોકો એમાંથી યુક્તિ-પ્રયુક્તિ કરીને છૂટી જવાનો પ્રયત્ન કરે છે. પણ આ સર્વોદયપાત્ર મરજિયાત હોવાના કારણે બધાં જ એમાં દાખલ થાય તેમ થવું જોઈએ. આમ બધા સ્વેચ્છાપૂર્વક ઘેરેઘેર સર્વોદય-પાત્ર રાખી લે તો સમજી લેવાનું કે હવે દુનિયામાં અહિંસા-શક્તિનો ઉદય થયો.

તો મારો પ્રયત્ન એ છે કે ટેક્સની જગ્યાએ સર્વોદય-પાત્ર અને ફરજિયાતની જગ્યાએ મરજિયાત; અને એવી જ રીતે લોનની જગ્યાએ દાન. સરકાર લોન લે છે તેની જગ્યાએ સંપત્તિદાનથી કરોડો રૂપિયા મેળવી શકાય, તેવું જો શક્ય થાય તો અહિંસાની શક્તિ બને. અને કાનૂનની જગ્યાએ કરુણા. કાનૂનથી કરોડો એકર જમીન છીનવી શકાય છે; પરંતુ મારો પ્રયત્ન એવો છે કે કાનૂનની જગ્યાએ કરુણા આવે. આમ લોનની જગ્યાએ દાન, ટેક્સને બદલે સર્વોદય-પાત્ર અને શસ્ત્ર-સેનાની જગ્યાએ શાંતિ-સેના. આમ હિંસાની એક એક શક્તિને બદલે અહિંસાની શક્તિ ઊભી કરવાનો મારો પ્રયત્ન છે.

## એક જ લગન

આમ, શાંતિસૈનિકોનું પહેલું કામ પોતાના કામ માટે લોકસંમતિ પ્રાપ્ત કરવાનું રહેશે. આજે સરકારી સેના માત્ર શસ્ત્રાસ્ત્રોના બળે નહીં પણ ચૂંટાયેલી સરકારના બળે કામ કરે છે. એટલે કે એની પાછળ ચૂંટાયેલી સરકાર છે અને એની પાછળ લોકસંમતિ પણ છે. આપણે જો આપણા કામ માટે લોકસંમતિ નહીં મેળવીએ તો આપણું બધું કામ વેપાર જેવું થઈ જશે.

એટલે મારા હૈયે રટ લાગી છે કે હિંસાની વિરોધિની, આજની સત્તા માટે પૂરક પરંતુ ભવિષ્યમાં સત્તાને પણ મિટાવી દેનારી અહિંસાત્મક જનશક્તિ નિર્માણ થવી જોઈએ. રાતદિવસ મને એજ વાતની તલપ છે, નહીંતર આ બુઢાપામાં મારા પગ ચાલી જ કેમ શકત ?

## : ૨ : મૂઠીભર અનાજ, જગભર શાંતિ

જેમ સશસ્ત્ર સેનાનું સામર્થ્ય લોકસંમતિમાં છે તે જ રીતે અહિંસક સેનાનું સામર્થ્ય પણ લોકસંમતિ થઈ શકે. એટલા મટે સર્વોદય-પાત્ર એ લોકસંમતિનું સહેલામાં સહેલું પ્રતિક છે એમ સમજીને એનો વિચાર થયો છે. લોકસંમતિ પ્રાપ્ત થાય તો તેમાં ઓછામાં ઓછાં બે કામ થવાનાં. એક તો એનાથી શાંતિસેનાને પીઠબળ મળે, અને બીજું, જેટલાં ઘરોમાં સર્વોદય-પાત્ર મુકાય તેટલાં ઘરો તરફથી નિશ્ચિંત થઈ જવાય કે આટલાં ઘરોમાંથી તો અશાંતિ ન જ થાય. એટલે એટલી તો આપણે શાંતિની સેના જ ખડી કરી દીધી. આખા દેશમાં પચાસ ટકા ઘર જો સર્વોદય-પાત્ર રાખે, તો પચાસ ટકા ઘરમાં તો શાંતિની સ્થાપના થઈ જ ગઈ. એટલું કામ પતી ગયું, અને એનાથી એક નૈતિક આધાર પણ મળી ગયો. આ બે સામર્થ્ય સર્વોદય-પાત્રમાં છે.

### જે હાથ અનાજ નાંખે, તે કદી પથ્થર ન ઉગામે

હવે જે ઘરમાં સર્વોદય-પાત્ર હશે, તેમાં નાનામાં નાના બાળકના હાથે અનાજ નંખાવવામાં આવશે, એ વસ્તુ સૂચવે છે કે, 'અમે શાંતિ ઈચ્છીએ છીએ. ઓછામાં ઓછું અમારા ઘરમાંથી હાથે પથરો ફેંકવાનું કામ નહીં બને.' આ કામ જો ગુજરાતના પ્રત્યેક ઘરમાં થાય તો મને બહુ બળ મળે, અને આખા હિંદુસ્તાનને અને દુનિયાને એક કામ કરીને આપણે બતાવી શકીએ.

મારે ભારતના તમામ ઘરમાંથી મૂઠી મૂઠી અનાજ જોઈએ. પછી ભલે ને તમારાં બીજાં બધાં કામો સર્વનાશનાં કેમ ન હોય ! પેલી એક મૂઠી અનાજ બાકીનું બધું સંભાળી લેશે. કારણ કે બાકીની બધી બાબતો રૂનો ઢગલો છે અને પેલી મુઠી આગનો એક તણખો છે. એ એક જ તણખો પેલા આખાય ઢગલાને ભસ્મસાત્ કરી દેશે. એટલે બાકીની રચના ગમે તેવી હશે તો પણ આ કામને સંમતિ આપતું તમારું મુઠ્ઠીભર અન્ન મળશે તો તે બાકીના બધા વિચારોને તોડી નાખશે. હું તો પેલા હિંસાના પ્રતિનિધિ સિપાઈની પણ મુઠ્ઠી માંગું છું, જે હાથમાં તલવાર કે બંદૂક લઈને લડાઈ માટે નીકળી પડ્યા છે. એનો અર્થ એ થશે કે એ સિપાઈના હાથમાં તલવાર હોવા છતાં એની શ્રદ્ધા તલવાર પર નથી પણ પ્રેમ પર છે.

જે સર્વોદયપાત્રમાં અનાજ નાખશે તે બધે સદ્ભાવના ફેલાવશે. એટલે જેમ પહેલાં નામસ્મરણ દ્વારા મોક્ષ હાથ લાગ્યો તેમ સર્વોદયપાત્રનાં રૂપમાં સર્વોદયની સિદ્ધિ સુલભ થઈ જશે.

## આ 'અલંકાર' નથી, જીવન-મરણનો પ્રશ્ન છે

હું જ્યારે કહું છું કે મને સો એ સો ટકા ઘરોમાં સર્વોદય પાત્ર જોઈએ તો એમાં કોઈ પણ પ્રકારનો 'અલંકાર' કરવાની ભાવના નથી રાખતો. જો મારે 'અલંકાર' જ કરવો હોત તો હું કહેત કે 'મને ૧૨૦ ટકા ઘરોમાં સર્વોદયપાત્ર જોઈએ.' એટલે આમાં કોઈ સાહિત્યિક ભાષા વાપરવાનો સવાલ નથી. બલ્કે મારું હૃદય તો કહે છે કે આવું થયા વગર ભારત અને વિશ્વ સુરક્ષિત નથી. એટલે અહિંસાના વિચાર નિમિત્તે ઘેરેઘેરથી સંમતિ મેળવવાનો પુરુષાર્થ આપણે કરવો પડશે. જે ઘરમાં રસોડું હોય તે ઘરમાં સર્વોદયપાત્ર હોવું જ જોઈએ. એને માટે એક, બે, પાંચ, દશ જેટલાં વર્ષ લાગે તે આપવાં પડશે. એનાથી જે શક્તિ નિર્માણ થશે તે દેશ અને દુનિયાને બચાવશે.

આમ, સર્વોદયપાત્રનું કામ ખૂબ મોટું કામ છે. એટલે મેં તો એને અશક્ય કાર્ય સમજીને જ ઉપાડ્યું છે એટલે મને એમાં ઉત્સાહ છે. અશક્ય કામ કરવાનો એક આગવો જ ઉત્સાહ હોય છે.

## આ તો જીવનનું કહેણ

હું કામમાં સો એ સો ટકા લોકસંમતિ માંગું છું. આજની સરકાર ૩૦-૩૫ ટકા મેળવીને રાજ્ય કરે છે પરંતુ મારો કારભાર એમ ન ચાલે. દશ હજાર લોકોની શાંત સભામાં દશ માણસ પણ શાંતિભંગ કરી શકે. એટલે મારે સો એ સો ટકા સંમતિ જોઈએ.

તમે પૂછશો કે 'શું હજી સુધી કોઈને સો એ સો ટકા મતદાન મળ્યું છે ?' હું કહું છું કે હાં, યમરાજને તે મળ્યું છે. તમે એને કહ્યું છે કે નક્કી કરેલા સમયે તું અમને લઈ જજે અને એ સમય પણ તું જ નક્કી કર. એટલે કે તમે લોકોએ મૃત્યુને સો એ સો ટકા સંમતિ આપી દીધી છે, તો પછી જીવનને એટલ સંમતિ શા માટે નથી આપતા ? વાસ્તવમાં જીવનને તમારે ચાર ટકા વધારે સંમતિ આપવી જોઈએ. કારણ કે આ તો જીવનદાનનો વિચાર છે. એનાથી વિશ્વમાં શાંતિ અને સમૃદ્ધિ થશે.

જેવી રીતે મૃત્યુનું કહેણ આવે છે તો કોઈ ના નથી કહેતું તેવી રીતે સર્વોદય-પાત્રના કહેણને પણ ટાળવાની કોઈને પ્રેરણા ન થવી જોઈએ.

## સર્વોદયને પાત્ર થવા માટે

ઘેરેઘેર સર્વોદય-પાત્ર હોવું જોઈએ. એનો અર્થ થયો – દરેક વ્યક્તિ

એવું સમજતી થાય કે **મારે કેવળ 'સર્વોદયપાત્ર' જ રાખવાનું નથી, બલ્કે 'સર્વોદયને પાત્ર'** (લાયક) બનવાનું **છે.** હું શાંતિ-સેનાને માટે મારા ઘરમાં સર્વોદય પાત્ર રાખું છું. એટલે હું કોઈ પણ પ્રકારની અશાંતિનું નિમિત્ત નહીં બનું-- તે પાછળ આવી ભાવના હોવી જોઈએ. તેમાંથી તાકાત પેદા થવી જોઈએ.

## ત્રિવિધ હેતુ

સર્વોદય-પાત્રની મારફતે મુદ્દે બાળકોને શિક્ષણ મળશે અને પ્રત્યેક ઘરે અશાંતિના કામમાં ભાગ ન લેવાની પ્રતિજ્ઞા થશે. આ રીતે (૧) અશાંતિનાં કામોમાં ભાગ ન લેવાની નિષેધાત્મક પ્રતિજ્ઞા, (૨) સર્વોદય-વિચારને માટે સક્રિય મતદાન અને (૩) આખા ય હિન્દુસ્તાનમાં નાનાં બાળકોના શિક્ષણની વ્યવસ્થા-- સર્વોદય-પાત્રના આ ત્રણ ઉદ્દેશ છે. આ રીતે આમાં તો ' મૂઠીભર ધાન ને જગભર શાંતિ' છે.

## ક્રાંતિ માટે પાત્ર, રાહત માટે નહીં

આ સર્વોદય-પાત્ર મજૂરો કે ગરીબોને ખવડાવવા માટે નથી, બલ્કે ગરીબી મિટાવવા માટે જ છે. ગરીબી કાયમ રાખીને ગરીબોને ખવડાવવાની વાત આજની નથી, જૂના વખતથી ચાલી આવે છે. કૂતરાની માફક ગરીબો આશ્રિત બનીને આવે અને એમની સામે આપણે રોટલાનું બટકું નાંખી દઈ થોડો વખત પૂરતા એમને શાંત કરી દઈએ, એ ઠીક ન કહેવાય. એથી એમની ભૂખ હંમેશાં માટે ન મટે. સર્વોદય-પાત્ર ગરીબોની ગરીબી મિટાવશે અને અમીરોની અમીરી પણ. આ દ્રષ્ટિએ પોતપોતાનો દોષ મટાડવા સૌ પોતપોતાના ઘરમાં સર્વોદય-પાત્ર સ્થાપે.

## આ કામ કોણ કરશે ?

અમને લોકો પૂછતા હોય છે કે તમારા કાર્યકર્તા કોણ છે ? આ બધાં સર્વોદય-પાત્રો ઉઘરાવવાનું કામ કોણ કરશે ? ત્યારે હું તો ચટ કહું છું, "કોણ ? તે વળી તમે જ." સ્વામી રામતીર્થની એક વાત છે. તેઓ અમેરિકા જવા રવાના થયા. વહાણ બંદર પર લાંગર્યું એટલે લોકો ઊતરવા માટે ધડાધડી કરવા લાગ્યા. પણ સ્વામીજી તો બિલકુલ ઠંડે પેટે બેસી રહ્યા. આ જોઈને એક અમેરિકન મહિલા અચંબામાં પડી ગઈ. એણે એમને પૂછ્યું, 'અહીં કોઈ આપનું પરિચિત છે કે ?" એમણે જવાબ વાળ્યો, 'હા, છેસ્તો' 'કોણ?' તો એમણે

આંખના પલકારામાં કહ્યું, "તમે જ". વાણીમાં એટલો તો પ્રેમ નીતરતો હતો, એટલી તો આત્મીયતા ઊભરાતી હતી કે પેલી બહેન પર એમનાં આ વચનોની ઊંડી અસર થઈ અને એણે એમને ઘણી સહાય કરી.

## સેવક માટે કેટલાક નિયમો

એટલે આમ તો કોઈ પણ વ્યક્તિ સેવક થઈ શકે, પણ મરાઠીમાં '**भोगल कारभार**–ઢીલો પોચો કારભાર' એવો એક પ્રયોગ છે. તેવી રીતે આ યોજના કાંઈ ઢીલી પોચી નથી. સેવક માટે પણ નિયમ તો ખરાજ. સત્ય, અહિંસા અને અપરિગ્રહમાં નિષ્ઠા રાખનારો તથા નિષ્કામ ભાવથી અને પક્ષોથી વેગળો રહીને કામ કરનારો હશે. શાંતિસૈનિક માટે પક્ષાતીત હોવું અનિવાર્ય છે. જે સુધારાઓ બાબત મતભેદ પ્રવર્તતો હોય, તેમાં એ પણ કોઈ ને કોઈ મતનો પક્ષકાર હોય, તો પછી શાંતિ સ્થાપવામાં તે કઈ રીતે સફળ થઈ શકશે ? જેવી રીતે લડાયક સૈન્ય જો પક્ષાતીત ન રહ્યું તો રાષ્ટ્રને માથે જોખમ ઊભું થાય છે, અને આથી તે તો પક્ષાતીત જ હોવું જોઈએ, એમ આજે સર્વસંમત સિદ્ધાંત છે; અને રાષ્ટ્રપતિ, લોકસભા-વિધાનસભાના પ્રમુખો એ સૌ પક્ષાતીત હોય છે. જે કારણે આપણે આવી જાતની વ્યવસ્થા ઊભી કરી છે, તે જ કારણે સર્વોદય કાર્યકર્તા પણ પક્ષાતીત હોવો જોઈએ. આ વાત બધા પક્ષોએ માન્ય કરવી જોઈએ. જે રીતે એ સૌ આજે પક્ષોને અનિવાર્ય માને છે, તે જ રીતે એક દિવસ એવો આવશે જ્યારે સૌએ પક્ષાતીત સંગઠનને પણ અનિવાર્ય માનવું પડશે.

## પરિશ્રમ ખરો, પણ તે સમાજને માટે

સર્વોદય-પાત્ર મારફત અસલના ભિક્ષુકોના જેવી યોજના મારે નથી કરવી. હા, આ સેવકો જરૂર શરીર-પરિશ્રમનિષ્ઠ રહેશે. તે લોકો કોઈના ખેતરમાં ખોદકામ કરવા જશે, તો ક્યાંક સફાઈના કામમાં મંડી પડશે. સાહિત્ય-પ્રચાર પણ કરશે. પણ તેના પરિશ્રમનું મૂલ્ય માપીને તે પ્રમાણે તેને મહેનતાણું ચૂકવવાની યોજના કરવી એ તો આજનો બજારભાવ અને આજની સમાજરચનાને સ્વીકારી લીધા જેવું થશે.

ગુજરાતના વયોવૃદ્ધ તપસ્વી રવિશંકર મહારાજ સતત પદયાત્રા કરી રહ્યા છે. કેટલીક વાર તો તેઓ દિવસમાં બબ્બે વાર ચાલે છે, અને છતાં રોજની ૩-૪ આંટીઓ સૂતર કાંતે છે. પણ આ ૩-૪ આંટીની કિંમત રૂપિયા-પૈસામાં કેટલી ઊપજશે ? એનો જ કેવળ અંદાજ લગાવવા બેસી જઈએ તો ? એ રીતે વિચારીએ એ તો નરી મૂર્ખતા ગણાય. આથી સેવક

ારિશ્રમનિષ્ઠ જરૂર રહેશે, પણ કેવળ શરીરશ્રમની કમાણીમાંથી જ તે ગુજારો ચલાવે એમ માનવું અયોગ્ય છે. આમ એ વાત સાચી કે -પાત્રના આધાર પર મારે પુરાણા ભિક્ષુઓની માફક ભિક્ષા પર ો અને વિહારમાં રહેનારો એક નવો વર્ગ નથી ઊભો કરવો. મારે તો લોકો જોઈએ છે જે રોજ શરીર-પરિશ્રમ કરીને શરીરને તાવી નાખે, કર્મયોગી હોય. સર્વોદય-પાત્રનું અનાજ તેવાઓને જ કામ લાગવાનું છે. હું સર્વોદય-પાત્ર માંગું છું શાંતિને માટે મતદાનના રૂપમાં. તેના ાનના રૂપમાં હું તે ઈચ્છું છું.

બીજું, શરીર-પરિશ્રમના મૂળ સિદ્ધાંતને આપણે એમાં જોડવા માગીએ પણ પાછો તે પરિશ્રમ ઉત્પાદક જ હોવો જોઈએ એવો આગ્રહ ન રાખી બીમારની સેવાચાકરી ઉત્પાદક પરિશ્રમ ન કહેવાય. એટલા સારુ સૈનિક ા કંઈક સેવા કરતો રહે એટલું જ આપણે ઈચ્છીશું. આમ જોઈશું તો ાં પણ સાક્ષાત્ ઉત્પાદન નથી થતું, તો પણ પાછળથી ઉત્પાદનમાં તે ા નીવડે છે. તો આપણે સફાઈને પણ શરીર-પરિશ્રમ માનીશું. સૈનિક પણ જશે તો ગમે તેના ખેતરમાં જઈ ખેડૂતને મદદ કરશે. તે કાંતીને ા સમર્પણ કરશે. હું તેના પર કશું બંધન નાખવા માગતો નથી. એટલું ું છું કે તેના દૈનિક જીવનમાં શરીર પરિશ્રમનું સ્થાન હોય.

## સ્ત્રી-શક્તિને આહ્વાન

વળી મને પશ્ન એ થયો કે આવી ક્રાંતિને સાકાર કોણ કરશે ? ત્યારે ધ્યાનમાં આવ્યું કે પુરુષો કરતાં બે ડગલાં આગળ રહીને સ્ત્રીઓ જ આ કરી શકશે. પરંતુ સમાજ પર લવલેશ પણ આક્રમણ ન થાય અને . દ્વારા સમાજ સુગઠિત સ્થપાઈ જાય એનો કંઈ કીમિયો હું શોધતો અને છેવટે મને લોકસંમતિ મેળવી આપનારું 'સર્વોદયપાત્ર' સૂઝી ગયું ાને થયું કે હવે સ્ત્રી-શક્તિને આ કામમાં લગાવી શકાશે.

આમ તો જેમ જેમ હું સર્વોદય-પાત્રના વિષયમાં વિચારું છું તેમ તેમ ોડાણ મારા ધ્યાનમાં આવતું જાય છે. આ કામમાં સ્ત્રી-શક્તિ ઉપયોગી ાની છે. શાંતિ સ્થાપવાની જવાબદારી પુરુષો કરતાં સ્ત્રીઓએ જ ા ઉપાડવી જોઈએ, કારણ તેમની પાસે તે શક્તિ છે. આજે ાળાઓએ સમાનતાને નામે એમના હાથોમાં બંદૂક પકડાવી છે. ના હાથમાં બંદૂક હોય એથી વધુ ભયંકર વસ્તુ દુનિયામાં બીજી એકે તેમ છતાં, પ્રકૃતિએ જ જેને કારુણ્યનું કામ સોંપ્યું છે, તેમના હાથોમાં

પુરુષોની બરાબરી કરવાની મિથ્યા કલ્પના કરીને, અને બંદૂક વિના તો રક્ષણ થઈ જ કેવી રીતે શકે, એવી ભ્રાંત ધારણા રાખીને, પશ્ચિમના ડાહ્યાઓએ બંદૂક આપી છે અને એમની પલટણ ઊભી કરી દીધી છે; અને ત્યાંની સ્ત્રીઓ પણ આ વિષયમાં તેમને વશ વર્તે છે. આ સમતા નથી, મૂઢતા છે.

સ્ત્રીઓ પોતામાં જે સંસ્કારિતા, ધર્મશીલતા, ભક્તિ, મર્યાદા, કરુણા, અહિંસા આદિ ગુણો વિદ્યમાન છે તેનો ચેપ પુરુષોને નહીં લગાડે અને એથી ઊલટું તે જ પુરુષોના રંગઢંગ પર જઈ બેસે, તો પછી સમાજને બચાવશે કોણ?

આ બધું કામ સ્ત્રીઓએ કરવાનું છે. સર્વોદય-પાત્રનું કામ પણ સ્ત્રીઓની પ્રેરણાથી જ થશે. પ્રત્યેક માતા પોતાના બાળકને ભણાવશે કે, 'આપણે વિશ્વમાં શાંતિ ઝંખીએ છીએ, એટલા માટે સર્વોદય-પાત્રમાં તું મૂઠી અનાજ નાંખ !' જ્યારે ઘેરેઘેર આ નાદ ગુંજતો થશે, ત્યારે અશાંતિનાં મૂળ પર પ્રહાર થશે. તેમ છતાં પણ જો અશાંતિ પેદા થઈ તો શાંતિ-સૈનિક શાંતિ સ્થાપવાનું કામ કરશે.

## સર્વોદય-પાત્ર ગણપતિનું વાહન

આમ સર્વોદય-પાત્રની યોજના પર શાંતિ-સેનાની સ્થાપના થશે. આમાં તો ગણપતિ મહારાજની યુક્તિ છે. શંકરે નંદીનું વાહન બનાવ્યું, પણ તે ઘરમાં નથી પ્રવેશી શક્તો. બહાર જ ઊભો રહે છે. વિષ્ણુએ ગરુડને વાહન બનાવ્યું પણ તે તો આકાશમાં જ વિહાર કરે છે, ઘરોમાં નથી પહોંચી શકતું. એટલે ગણેશજીએ ઉંદરને પોતાનું વાહન બનાવ્યું. કારણ કશી રોકટોક વિના એ તો મન ફાવે ત્યાં ફરી શકે. એમ અમે પણ આવું જ કર્યું. સર્વોદય-પાત્ર દ્વારા હિંદુસ્તાનના દરેક ઘરમાં પ્રવેશ થશે. જો ભારતમાં હરકોઈ આ પ્રમાણે કરે અને ઘેરેઘેર સર્વોદય-પાત્ર રાખવામાં આવે તો એમાંથી વિશ્વશાંતિ પણ થશે, અને એક સામૂહિક ઈચ્છાશક્તિ પેદા થશે. આમ, આ કાર્યક્રમમાં ઘણી શક્યતાઓ પડેલી છે.

# : ૩ : આમૂલ લોકક્રાંતિનું વાહન

સર્વોદય-પાત્રની કલ્પના સાવ નવી, નિરાધાર કે માથા-મોઢા વિનાની નથી. અરે ! નવી કલમ કરવી હોય તો તે પણ જૂના ઝાડ પર જ કરવી પડે

છે. સમાજ પણ આ જ ઢબે આગળ વધે છે. આમ સર્વોદય-પાત્રની કલ્પના પાછળ પણ એક આધાર છે; અને તે એનો એક ગુણ છે.

## સાપ ગયા ને લિસોટા રહ્યા

આપણે ત્યાં એક રૂઢિ ચાલી આવી છે કે ખાતાં પહેલાં બીજાઓ માટે એમાંથી એક હિસ્સો કાઢવો. આજે એમાંથી વૈશ્વદેવ અને ગોગ્રાસ જેવા કેવળ પ્રતીકાત્મક આચારધર્મો જ બચ્યા છે. ધર્મ જ્યારે સર્વાંગસંપૂર્ણ રૂપે હોય છે ત્યારે જ તે જીવનમાં ઠાંસી-ઠાંસીને ભરી શકાય છે, પણ જ્યારે તે વેરવિખેર થઈ જાય છે ત્યારે સમાજમાં કેવળ તેની સભાનતા જ બચે છે, અને ત્યારે તે કેવળ પ્રતીકાત્મક બની જાય છે. આજકાલ બિલકુલ આવી જ સ્થિતિ છે. આખા વર્ષમાં રામનવમી, જન્માષ્ટમી, એકાદશી આદિ ૪-૫ ઉપવાસ ખેંચી કાઢ્યા અને બે-ચાર ઉત્સવ ઉજવ્યા એટલે હિંદુ ધર્મનું વાર્ષિક કામ ખતમ; અને પછી આખા ય આયખામાં બાકી રહી ત્રણ વિધિઓ — આદિ, મધ્ય અને અંતે -- જન્મ, લગ્ન અને મૃત્યુની. એ ત્રણેયને હિંદુ ધર્મના નીતિ-નિયમ મુજબ કરી નાખી તો તો બસ, સારોય હિંદુ ધર્મ સમાપ્ત. રાષ્ટ્રીય પ્રવૃત્તિઓને પણ આ જ વાત લાગુ પડે છે. વર્ષભરમાં ૧૫મી ઑગસ્ટ, બીજી ઑક્ટોબર અને ૨૬મી જાન્યુઆરી ઊજવી અને ચાર-પાંચ સભા-સરઘસ ગજવ્યાં એટલે ત્યાં સારાય રાષ્ટ્રાભિમાનનું પૂર્ણવિરામ ! સારાંશ, સર્વાંગીણ ન હોવાને કારણે આ રીતે ધર્મ કે ભાવના એ કેવળ એક સંકેત માત્ર બની જાય છે.

આપણે ત્યાં ભોજન પહેલાં કોઈ અતિથિ આવી ચઢે તો તેને કંઈ ને કંઈ ધરાવીને પછી જ પેટપૂજા કરવાની પ્રથા છે. કોઈ ભિક્ષા માગતો આવે તો તે દાનનો શો ઉપયોગ કરશે તેની તરતપાસમાં પડયા વિના એને ભિક્ષા આપવામાં આવતી. એ રીતે આજે હિંદુ ધર્મ એક પ્રતીક રૂપે બચ્યો છે. સર્વોદય-પાત્રનો આ જ આધાર છે. એ જ કારણે આ કલ્પના આંખ સામે ખડી થતાં લોકોને ગોગ્રાસ, માધુકરી વગેરેનું સ્મરણ થઈ આવે છે; અને એટલે જ ધાર્મિક વૃત્તિના લોકોને આ કામ કરવાનો ઉત્સાહ ચઢે છે. આમ જોઈશું તો આ વિચારનો આધાર જૂનોપુરાણો છે, તો પણ એની પદ્ધતિ નવી છે અને એનો ઉદ્દેશ ક્રાંતિકારી છે એ ભૂલવા જેવું નથી.

## સર્વોદય-પાત્ર પાછળનું ક્રાંતદર્શન

સર્વોદય-પાત્રમાંથી મળનારા અનાજનો ઉપયોગ ક્રાંતિ માટે અર્થાત્ નવીન સમાજ-રચનાના નિર્માણને માટે થશે. કોઈ કાળે પણ એનો ઉદ્દેશ

ચીલાચાલુ સમાજ-રચનાને અકબંધ ટકાવી રાખી, પરચુરણિયા થોડાં દુઃખદર્દો ટાળવાનો ન હોઈ શકે. દુઃખનિવારણનું કામ પણ સારું હોય છે અને દુઃખના મૂળિયાં બાઝયાં રહે તો ય એ કામની જરૂર ખરી જ; પણ મુદ્દે એનાથી દુઃખની જડ નાબૂદ થતી નથી, એટલુંય નક્કી. દેશમાંથી મેલેરિયા, ક્ષય આદિ રોગો જડમૂળથી કાઢવા હોય તો સમગ્ર દેશમાં એનું આયોજન કરવું પડશે; પણ તે નથી થતું ત્યાં સુધી હું મારા ક્ષયગ્રસ્ત ભાઈની સેવા કે ઉપચાર કરવાને બદલે માથે હાથ દઈને બેસી રહું, તો તે વાજબી ન ગણાય. એટલે દવાખાનાં તો સદા ચાલતાં રહેવાનાં. પણ બીજી બાજુથી લોકોને આરોગ્યનું ઉત્તમોત્તમ જ્ઞાન આપવું; એમને માટે પૌષ્ટિક ખોરાક સુલભ થાય એવી વ્યવસ્થા કરવી, યોગશાસ્ત્રનું શિક્ષણ આપવું, જેથી કરીને લોકો માંદા જ ન પડે – આવું આવું થાય તો તે એક ક્રાંતિ થઈ ગણાય. ગમે એમ, રોગનાં મૂળિયાં જડમૂળથી ઊખડી ન જાય ત્યાં સુધી રોગીની સેવા તો અખંડ ચાલતી જ રહેવી જોઈએ. આપણે પણ આ જ રીતની દુઃખ-નિવારણની ક્રાંતિકારી યોજના કરવી છે.

મજૂરોના પચાસ રૂપિયાના વેતનમાં પાંચનો વધારો કરાવવા થતું આંદોલન એ કાંઈ એના દુઃખનિવારણનું આંદોલન નથી બની જતું; તેમ છતાં જ્યાં સુધી દુઃખ નિર્મૂળ નથી થતું ત્યાં સુધી એ આંદોલન ચાલુ રાખવામાં કશી હરકત નથી. બાકી ખરેખર તો માલિક અને મજૂર વચ્ચેનો સમૂળગો ભેદ મિટાવવો એ જ દુઃખનિવારણનો કાયમી ઈલાજ છે, એટલે કે સમાજરચના જ પાયામાંથી બદલી નાખવી. એટલા સારુ એકેએક વ્યક્તિના જીવનનો મુખ્ય આધાર શરીર-પરિશ્રમ જ હોવો જોઈએ. ત્યારે જ વર્ગભેદ અને અસમાનતાનો અંત આવશે. પરંતુ આ સ્થિતિ પેદા થાય ત્યાં સુધી તાત્કાલિક દુઃખનિવારણની પ્રવૃત્તિઓમાં કોઈ શક્તિ ખર્ચે તો એમાં કશી હરકત નથી; પણ તેને ક્રાંતિનાં કામો ન કહી શકાય. એ જ રીતે સર્વોદય-પાત્રને સહારે ગામના પાચં-પંદર ભૂખ્યાઓને ખવડાવવાની યોજના કરવામાં આવે, તો તે ક્રાંતિનું કામ નથી. આપણે તો સર્વોદય-પાત્રના વાહન મારફત ખુદ સમાજરચનામાં જ આમૂલ પરિવર્તન આણવાનો મંત્ર ઘેરેઘેર પહોંચાડવાનો છે.

## કાયદાને જોરે ક્રાંતિ અશક્ય

આજકાલ મોટા લોકો પણ એક જ વાત લઈ પડયા છે. એક વાર સત્તા હાથ કરી લઈએ, પછી એની મારફત પ્રજાનું કલ્યાણ કરીશું. આથી કરીને સૌ કોઈ આજે સત્તા હસ્તગત કરી લેવાની ખટપટમાં છે. સરવાળે, ઝઘડા, વિરોધ

અને સંઘર્ષો પેદા થાય છે. પરિણામે છૂટાછવાયા થોડા ફેરફારો સિવાય સત્તા ઝાઝું કાંઈ નથી કરી શકતી. સારાંશ, 'એક વાર સત્તા તો હાથમાં આવવા દો, પછી જુઓ ક્રાંતિ થાય છે કે નહીં !' એમ માનવું નર્યો ભ્રમ છે. સરકાર મારફત સમાજરચનામાં ક્રાંતિ કરવી એ અસંભવિત છે.

## :૪: અહિંસાની વ્યૂહરચના

આ કામ સામૂહિક રીતે થવું જોઈએ; પાંચ-પાંચ, દસ-દસ સર્વોદય-પાત્ર મૂકીને આ કામ ન થાય. નહીં તો શક્તિ પેદા ન થાય. મની લો કે સામે એક મોટો પથ્થર પડ્યો છે. એને દૂર કરવા માટે ૫૦-૧૦૦ માણસો એક, બે, ત્રણ – એમ કરીને બધા જોર લગાવે છે તો પેલો પથ્થર એકદમ તેની જગ્યાએથી હઠી જાય છે. પણ ધારો કે એમ થાય કે કેટલાક લોકો બે વાગ્યે આવીને પેલા પથ્થરને ત્યાંથી હઠાવવાનો પ્રયત્ન કરે, થાકીને પછી એ જતા રહે અને ત્યાર બાદ બેને પાંચ મિનિટે બીજા લોકો આવે ને એ પથ્થરને તેની જગ્યાએથી હઠાવવાનો પ્રયત્ન કરે, તો આ રીતે કંઈ તે પથ્થર ત્યાંથી હઠે નહીં. આમ બધાને વ્યાયામ થાય. એ પથ્થર તો ત્યાંથી ત્યારે જ હટી શકે કે જ્યારે બધા લોકો એકદમ સામટા એને હાથ લગાડે અને એક, દો અને તીન એમ કરીને જોર લગાડે. તો એકદમ જોર કરવાની શક્તિ હિંસા સિદ્ધ કરી બતાવે છે. હવે અહિંસા એ શક્તિ બતાવશે ? જો અહિંસા એટલું જોર કરીને એટલી વાત કરી આપે તો અહિંસા માટે દુનિયામાં આજે રાજ્ય છે; અને જો આ શક્તિ અહિંસા આજે નહીં બતાવે તો અહિંસા ઘરમાં રહેશે, સમાજમાં નહીં આવે. મા છોકરા પર પ્રેમ કરે છે તે વસ્તુ રહેશે પરંતુ આખા ગામ પર અને વિશ્વ પર પ્રેમની વાત કરો છો તે ન કરશો. ઘર બહાર હિંસા અને ઘરની અંદર પ્રેમ– એવા બે વિભાગ રહેશે.

રશિયનો અમેરિકાના લોકોથી ડરે છે અને એમ સમજે છે કે તે રાક્ષસ છે; જ્યારે અમેરિકાવાળા પાસે પણ કોમ્યુનિસ્ટોના એવાં ચિત્રો હોય છે કે એ લોકોને એમ થાય કે આ લોકો કેવા રાક્ષસ છે ! પરંતુ પેલા અમેરિકનો અને રશિયનો બંને જ્યારે પોતપોતાને ઘર જાય છે અને પોતાનાં પતિ, પત્ની, બાળકો, બહેન, મા સાથે વાતો કરે છે ત્યારે કેટલા પ્રેમથી વાતો કરે છે ? આવું અમેરિકાનાં ઘરોમાં, રશિયાનાં ઘરોમાં અને હિંદુસ્તાન અને પાકિસ્તાનનાં

ઘરોમાં સર્વત્ર ચાલે છે. પરંતુ જ્યાં ઘરની બહાર પગ મૂકે છે ત્યાં એકદમ દ્વેષ, હરીફાઈ અને હિંસા ચાલે છે. એટલે ઘર અને બહાર, સર્વત્ર જો પ્રેમશક્તિની આણ વર્તાવવી હોય તો આપણે એકસામટાં સર્વોદય-પાત્ર મુકાવવાં પડશે, તો જ અહિંસાનું રાજ સ્થપાશે.

## : ૫ : સર્વોદય-પાત્ર માટેની તીવ્રતા

કાલે હેમાનાં લગ્ન થયાં. લગ્નવિધિ, આશીર્વાદ વગેરે સાર્વજનિક કાર્યક્રમ થઈ ગયો. પછી સાંજે એ બંને મને મળવા માટે આવ્યાં અને મને કહે કે અમારા જીવન માટે કંઈક કહો. ત્યારે મેં એમને કહ્યું કે આજે તો તમારી શાદીનો પ્રસંગ છે એટલે હું "શાંતિસેના અને સર્વોદય-પાત્ર જીવનને માટે કરો" એમ કહું જ છું. પણ જો આજે શાદીનો પ્રસંગ ન હોત અને સ્મશાનયાત્રાનો પ્રસંગ હોત તો પણ એ જ કહેત. મને બીજું કંઈ સૂઝે જ નહીં. કોઈનો કોઈ સગો માણસ મરી ગયો હોય અને જો મારી પાસે સાંત્વન માગવા માટે આવે, તો હું એને એ જ સાંત્વન આપું કે તમે સર્વોદયાપત્રના કામમાં લાગી જાવ, તો તમે મરણને એકદમ ભૂલી જશો. અત્યારે મારા મનની એવી સ્થિતિ છે કે આ સિવાય બીજું બધું ફિક્કું લાગે છે. બીજું ઘણું થઈ શકે તેમ છે. આપણે કંઈ બેકાર તો રહીએ નહીં. પરંતુ એ જે બીજું-ત્રીજું હશે તે પેલી પંચતંત્રની કહાણી જેવું થશે. એક વખત એક શિયાળ સિંહણને કહેવા લાગ્યું કે તું આવી છો ને તેવી છો. તો પેલી સિંહણ કહેવા લાગી કે હા ભાઈ, તું બહુ શૂર છે. તું ધન્ય છે. કૃતકૃત્ય છે. પરંતુ તારા કુળમાં હાથીનો શિકાર નથી થતો. પણ તેને માટે હું તને દોષ નથી આપતી ! તો આવું થાય. આપણે બીજી-ત્રીજી વાતો કરીએ પણ હાથીનો શિકાર ન થાય તો અહિંસા અને ક્રાંતિની વાતો કરવાનું છોડી દેવું જોઈએ. અને આપણી જાતને નાલાયક સમજીને જેને કાષ્ટમૌન કહે છે તેવું જંગલમાં જઈને માન સ્વીકારવું જોઈએ. પછી આ કામ માટે પરમેશ્વર બીજાને મોકલે તો તે જુદી વાત છે.

**૧૩-૧૧-૫૮, માલપરા**

## સૌમ્ય સત્યાગ્રહ

લોકો કહે છે કે સર્વોદય-પાત્રનો કાર્યક્રમ ઉત્સાહવર્ધક નથી. પરંતુ હું કહું છું કે તે બુદ્ધિવર્ધક છે. આચાર્ય ચાણક્ય કહે છે કે મારું બધું ભલે જાય પણ બુદ્ધિ ન જાય. **बुद्धिस्तु मा गा मग** । આપણે લોકો પાસે ફક્ત એક જ વાર જઈએ અને લોકો સતત સર્વોદય-પાત્રમાં અનાજ નાખતા રહે એવી અપેક્ષા રાખીએ તો એવું એ લોકો કેમ કરી માની શકે ? હું તો માનું છું કે સર્વોદય-પાત્રનો કાયક્રમ એક સૌમ્ય સત્યાગ્રહનો નમૂનો છે. તે આપણને મજબૂત પાયા પર ઊભા રાખવા માંગે છે.

# : ૬ : ઊંઘતા વચ્ચે જાગતો માણસ

**સુભદ્રાબહેન ગાંધી**

વિનોબા તો ઊંઘતા વચ્ચે જાગતો માણસ છે. છેલ્લાં ૧૯-૨૦ વર્ષથી આ વિશાળ દેશને ખૂણે-ખૂણે દાંડી પીટતો ફરે છે કહે છે : 'જીવું ત્યાં સુધી મારું કામ તો શેરીની ચોકી કરતા કૂતરા જેવું રહેવાનું છે. હું તો ભસીભસીને મારા માલિક (પ્રજા) ને જગાડતો રહીશ કે ભાઈ, ઊઠ ! તારાં ઘરમાં ચોર પેઠા છે.

ખેર, પણ જાગીને ચોરને નસાડવાનું ને ઘર સંભાળવાનું કામ આખરે આપણે પ્રજાએ જ કરવાનું રહે છે ને ?

વિનોબાએ તો બધી વાતની સમજણ પાડીને, આપણને શહેરવાળાંને પણ સર્વોદય-પાત્રના વ્રત વડે બાંધ્યાં છે. તેઓ કહે છે કે, મારા ભૂદાનયજ્ઞનું આ પાત્ર તમે તમારા ઘરમાં રાખો. એ રીતે મારા પવિત્ર કામમાં તમારી સંમતિ આપો. ને સદા એ પાત્રની પવિત્રતા જાળવો.

★ તમારાં બાળકને ગળથૂથીમાંથી સારા નાગરિક બનવાની તાલીમ ને પ્રેરણા એ પાત્રથી મળશે.

★ આપણાં શાસ્ત્રોમાં કહ્યું છે કે, સમાજનો ભાગ કાઢ્યા વિના જે ભોગવે છે, આરોગે છે, તે પાપ કરે છે, ચોર બને છે.

★ જે બાળક નાનપણથી સર્વોદય-પાત્રમાં મૂઠી ધાન પધરાવીને પછી જ પોતાનું ભાણું પીરસાવતું થશે, તે સમાજ-શાસ્ત્રની બાબતમાં પંડિતો કરતાંય વિશેષ-પાયાનું જ્ઞાન મેળવી ચૂક્યું હશે. સમાજનો આદર કરતાં, જેણે

શિખવાડ્યું, એમાં માતપિતાનું ઋણ અદા કરવાનું એ કદી ચૂકશે નહીં.

★ સ્કૂલ કૉલેજમાં હડતાલ પડ્યે વિદ્યાધામમાં મેજ-ખુરશી ને બાંકડા-કબાટોની હોળી કરવામાં એનો હાથ ખરડી શકશે નહિ.

★ ફી ઘટાડવાની કે પરીક્ષા બંધ રાખવાની 'લડત' ચલાવવાને નામે દેશની જાહેર મિલકત સમા રેલવેના ડબ્બા, મોટર - બસો કે દૂધનાં કેન્ટીન બાળવા કે સડક પરની બત્તીઓના ગોળા ફોડવા જેવો મૂઢ ને આંધળો રોષ એનો કબજો નહિ લઈ શકે.

★ ઘરમાં ચૂલે દૂધ ઊભરાઈ જતાં માનો જીવ કપાઈ જતો હોય છે. એમ શેરીમાં કે ઘરમાં નળના પાણીને વ્યર્થ વહી જતાં જોઈ, એનો જીવ કપાઈ જશે. વહેતા નળને બંધ કરતાં, "આપણે શું ?" કહેતાં એના હાથ ઝલાઈ નહિ જાય.

★ મળસ્કે, અંધારામાં ઊઠી રોજ પોતાની શેરી વાળી જનાર હરિજનોનો આભાર એ કદી નહિ ભૂલે. એણે વાળીને ચોકખા ચંદન જેવાં કરેલાં આંગણાંમાં ધડ દઈને કચરો નાખતાં એનો હાથ પાછો પડશે, "હા...ક....થૂ" કરી આડેધડ ગમે ત્યાં ગળફો કાઢતાં કે નાક નસીકતાં એને શરમ આવશે.

★ મહેનત કરનાર, મેલાં કપડાંવાળા માણસને જોતાં એના પ્રત્યે એને તુચ્છકાર નહિ પણ અહોભાવ ને આદર જાગશે. કારણ એ જાણતો હશે કે દ્વારિકાને સોનાની બનાવનાર પારસમણિનો જાદુ તો એના આંગળાંમાં -- એના બાવડાંની તાકાતમાં રહેલો છે.

★ દિવસ ઊગે ત્યારથી તે આથમતાં લગી સમાજમાં કંઈ કેટલાયની સેવાઓ લેતાં આપણે જીવવું પડે છે. એ બધાનું ઋણ આપણે માથે ચડ્યા જ કર છે, એમ જાણ્યા પછી 'અમે તો પૈસા આપીને બધું ખરીદીએ છીએ' એવું હુંપદ ગજવવામાં એને બેવકૂફી લાગશે.

ને ભારતમાં આવા નાગરિક પેદા થશે, ત્યારે સમાજનું આજનું દળદર ને રાજનાં આજનાં અંધેર ક્યાં ટકવાનાં હતાં ?

: ૭ :

# ક્રિયાત્મક પ્રતીક

દાદા ધર્માધિકારી

ગાંધીજીએ અને વિનોબાએ શાંતિ-સૈનિકની વાત મૂકી. શું સાધારણ નાગરિકને નાતે આપણે કેવળ હાથ જોડીને જ બેસી રહીશું ? શું આપણી કશી જવાબદારી નથી ? સરકાર અને વિરોધી પક્ષ એકબીજા પર દોષારોપણ કરવામાંથી યા તો એકબીજાની નિંદા કરવામાંથી ઊંચા ન આવે તો તેવે વખતે સાધારણ નાગરિક શું અસહાય બનીને જોયા કરે ? એની જવાબદારીની ભાવનાનું પ્રતીક શું છે ? વિનોબાએ વિચાર્યું કે સર્વોદય-પાત્ર એવું પ્રતીક થઈ શકે છે. તમે એવું ન માનશો કે આ કોઈ અંતિમ વસ્તુ થઈ શકે છે. આ તો નાગરિક-ચારિત્ર્યના આધાર પર લોકજીવનની રચના કેવી હોય એની એક શોધ છે. આજે એક તરફ અમર્યાદ અતિરાજ્યવાદ છે, તો બીજી બાજું અમર્યાદ અરાજકવાદ છે. એની વચ્ચે લોકજીવનના આજે જાણે ચૂરેચૂરા થઈ રહ્યા છે. તો એના સંરક્ષણ માટે વિનોબા લોકજીવનમાં કેટલીક મર્યાદાઓનું બીજારોપણ કરવા ઝંખે છે. સર્વોદય-પાત્રમાં સંકલ્પપૂર્વકની સંમતિ છે કે 'અહિંસક સમાજની રચના માટે મારી સંમતિ છે, અને તે સંમતિ પાછી સક્રિય છે."

## પ્રતીકનું રહસ્ય

જે ઔપચારિક 'વોટ' હોય છે, ચૂંટણી વખતે, જે મતદાન થાય છે, તે ઔપચારિક સંમતિ છે. વિનોબા ઝંખે છે કે નાગરિકની સંમતિ ભાવરૂપ હોય, હાર્દિક હોય અને સક્રિય હોય. પ્રતીક બે પ્રકારનાં હોય છે. એક કેવળ ઉપાસનાત્મક પ્રતીક હોય છે, બીજું ક્રિયાત્મક, અનુષ્ઠાનસ્વરૂપ પ્રતીક હોય છે. ચિત્રાત્મક પ્રતીક આપણું અશોકચક્ર છે, આપણો ઝંડો છે. ઉપાસનાત્મક પ્રતીક ૐકાર છે. પરંતુ જે ક્રિયાત્મક પ્રતીક હોય છે તેમાં માણસોએ કંઈક પ્રત્યક્ષ ધર્માચરણ કરવું પડે છે. જે પ્રતીકની પાછળ ક્રિયાત્મક અનુષ્ઠાન (આધાર) છે તે કેવળ ક્રિયાત્મક જ નથી, બલ્કે ભાવરૂપ અને સજીવ પ્રતીક હોય છે. અશોકચક્ર શુદ્ધ ભાવનાત્મક અને ચિત્રાત્મક પ્રતીક છે. બાપુનો રેંટિયો ક્રિયાત્મક આચારપ્રેરક પ્રતીક છે.

સર્વોદય-પાત્રની કલ્પના વિનોબાએ ક્રિયાત્મક પ્રતીકરૂપે કરી છે, એ એવા નિશ્ચયનું પ્રતીક છે કે શાંતિ સિવાય સ્વસ્થ નાગરિક જીવન આકાશકુસુમવત્ છે, એટલા માટે શાંતિના સંરક્ષણમાં અમારો કંઈક પ્રત્યક્ષ હિસ્સો હશે. જ્યાં પથ્થર-મારો થશે ત્યાં એ પથ્થરમારામાં અમે ભાગ નહીં

લઈએ, બલ્કે એને રોકવાનો પ્રયત્ન કરીશું. જ્યાં અમે વસીએ છીએ ત્યાં પોલીસ કે લશ્કરનો ઉપયોગ કરવાનો મોકો જ ન આવે, અને કદાચ ને આવ્યો જ, તો ઓછામાં ઓછો આવે એવી અમારી કોશિશ રહેશે.

આ કાંઈ નાગરિકના મતાધિકારની માફક આપોઆપ મળી જનારું સ્વતઃપ્રાપ્ત મતદાન નથી. આપણે ભારતમાં પેદા થયા એટલે ૨૧ વર્ષના થતાંની વારમાં આપણને આપોઆપ મતાધિકાર મળી જાય છે. તે સ્વૈચ્છિક કે સ્વાયત્ત નથી. સર્વોદય-પાત્રમાં મતદાન સ્વૈચ્છિક, સ્વયંસ્ફૂર્ત છે. એમાં આત્મપ્રેરણા છે, એમાં સ્વેચ્છા છે. એટલા માટે તમારામાંથી જે કોઈ સર્વોદય-મિત્રને નાતે સર્વોદય-પાત્ર રાખવાની ભાવના સેવતા હો તો તેમને નમ્રતાપૂર્વક મારે એટલું જ કહેવાનું છે કે સર્વોદય-પાત્રની ભૂમિકા અને એની પૂરી જવાબદારી સમજી-વિચારીને જ તેઓ તેમ કરે.

## ગુણાત્મક સંખ્યોપાસના

આપ સૌને મારી પ્રાર્થના છે કે આપનું ધ્યાન સંખ્યા તરફ ન હો, પણ મનુષ્ય તરફ હો. આંકડાની સાથે જો મનુષ્ય નથી હોતો તો મનુષ્ય ખોવાઈ જાય છે. હાથમાં કોરો આંકડો જ રહી જાય છે, અને પછી બચે છે પેલી નિર્જીવ ઔપચારિકતા; નાગરિક ચારિત્ર્ય માટે જે પ્રવૃત્તિઓ થાય છે તેમાં સંખ્યા અને આકાર કરતાં તત્ત્વ અને ગુણનું મહત્ત્વ સવિશેષ હોવું જોઈએ. છાશવારે આપણે કહેતા ફરીએ છીએ કે અમે ગુણાત્મક લોકતંત્ર ઝંખી છીએ, કેવળ સંખ્યાત્મક કે આકારાત્મક નહીં, તો તે વિશે પળેપળ જાગૃત રહેવું પડશે.

## સર્વોદય-પાત્રની આચાર-મર્યાદા

સર્વોદય-પાત્રની મર્યાદાઓને બરાબર સમજી લેવી જોઈએ. એની મુખ્ય મર્યાદા એ છે કે શસ્ત્રપ્રયોગ અને હિંસક આંદોલન અથવા હુલ્લડમાં આપણો ક્યારેય, લેશમાત્ર હિસ્સો ન હોય. પ્રત્યક્ષ અહિંસાત્મક પ્રતિકાર તો શાંતિ-સૈનિક કરશે, પણ વાતાવરણ અને પરિસ્થિતિ નિર્માણ કરવામાં આપણે આપણો ભાગ ભજવી શકીએ છીએ. આપણા મહોલ્લામાં કોઈને ડરવાપણું નહીં હોય. કોઈ પણ આંદોલન કરનારાઓ માટે કોઈ નાગરિકને ઊની આંચ આવવાનો ભય લાગે એવી પરિસ્થિતિ આપણે પેદા નહીં થવા દઈએ. ન કરે નારાયણ ને ક્યાંક એવી પરિસ્થિતિ પેદા થઈ ગઈ તો ત્યાં પોતાનો જાન કુરબાન કરવા કોણ દોડી જશે ? આપણે ન જઈએ શું કામ ? આપણે જઈએ,

પણ ખરાં; પણ કદાચ આપણે નયે જઈએ, શાંતિ-સૈનિક જશે. પણ એટલું નક્કી કે એ પરિસ્થિતિ આપણે કારણે તો હરગિજ પેદા નહીં થાય.

જેમ સભ્ય નાગરિક ગમે તેટલો ગુસ્સે થઈ જાય તો પણ પોતાના દીકરાને ગલીચ ગાળો નહીં ભાંડે, પોતાની પત્નીને ક્યારેક ધોલ નહીં લગાવી દે. સભ્ય પુરુષનો વિકાર પણ સભ્યતાની મર્યાદામાં પ્રગટ થાય છે. નાગરિકોનાં જેટલાં આંદોલન હોય તેમાં સર્વત્ર નાગરિક-જીવનની નાગરિકતા પ્રગટ થવી જોઈએ. ત્યારે જ સભ્યતાનું વાતાવરણ નિર્માણ થશે.

નગરમાં આંદોલનો તો જરૂર થશે, પણ તેમાં લોકમર્યાદાઓ હશે. જે આંદોલનમાં જેટલી સભ્યતા પ્રગટ થશે તેટલા ઊંચા સ્તરના નાગરિકોનું તે આંદોલન છે. એ એક જ પારાશીશી હોઈ શકે, બીજી નહીં. શાંતિ એ જ નાગરિકતા અને સભ્યતાનું પ્રથમ લક્ષણ છે.

## સર્વોદય-પાત્રી પરિવારનું પંચશીલ

હવે સર્વોદય-પાત્રની જે મર્યાદાઓ છે તેને આપણે જોઈએ. એમાં બાળકને હાથે મૂઠી નાંખવાની વાત છે. એનો અર્થ છે કે આમાં પરિણામનું મહત્ત્વ નથી, સંસ્કારનું મહત્ત્વ છે. 'અહિંસક સમાજમાં મારી સંમતિ છે.' આ સૌથી મહત્ત્વની ઘોષણા છે. આનો ક્રમ જો કે ચોથો આવ્યો છે, પણ એને જ આપ અગ્રગણ્ય માનજો. એ શિરોમણિ શરત છે.

'મારા ઘરમાં હિંસાનાં પ્રત્યક્ષ સાધનોનો ઉપયોગ નહીં થાય.' ત્યાં કૌંસમાં 'હરગિજ' લખી દીધું છે; એટલા માટે કે તમારું ધ્યાન આ હરગિજ તરફ જરૂર રહે. એ શબ્દ કૌંસની બહાર હોય તો તમે સહજ ભાવથી એને વાંચી નાંખો. કૌંસમાં મૂકવાને કારણે તે ધ્યાન ખેંચે છે. મતલબ કે આપણે શમણાંમાં પણ પ્રત્યક્ષ હિંસાનાં સાધનોનો પ્રયોગ કદાપિ નહીં કરીએ. લોકસત્તાનો આધાર ન દંડ હો, ન શસ્ત્ર હો, ન બળપ્રયોગ હો, બલ્કે ભાવરૂપ લોક-સંમતિ હો. લોકસત્તાનું આ પ્રાણતત્ત્વ છે. આ સર્વોદય-પાત્ર સંકેત કરે છે કે દંડ અને પ્રશાસન તરફથી લોકસંમતિ તરફ પગલાં માંડવાનાં છે. એ લોકતંત્રમાં લોકો પરસ્પર-રક્ષિત રહેશે, શસ્ત્ર-રક્ષિત નહીં. મારું રક્ષણ મારો પાડોશી કરશે, મારા પાડોશીનું રક્ષણ હું કરીશ.

## મૂર્તિ પથ્થરની, પણ ભગવાનની

મહાભારતનું યુદ્ધ એક અત્યંત ભીષણ યુદ્ધ હતું, ભાઈ-ભાઈનું યુદ્ધ

130263
9-9-2010

હતું. મહાભારતનું યુદ્ધ પૂરું થવાની વારમાં યુદ્ધભૂમિમાં વેરવિખેર પડેલી અને રહી ગયેલી ચીજોના ખાંખાંખોળા કરવા લોક દોડયા. ત્યાં એક મોટો ગંજાવર ઘંટ પડેલો હતો. હાતીના ગળામાંથી તૂટી પડયો હતો. તે ઘંટને ઉઠાવ્યો તો એક નાનું અમસ્તુ ટીટોડીનું બચ્ચું એ ઘંટ નીચે સુરક્ષિત જોવા મળ્યું. લોકો મોંમાં આંગળાં ઘાલી ગયા કે જ્યાં રથી, મહારથી, અતિરથી હોમાઈ ગયા, લોહીની નદીઓ વહી, ત્યાં આ નાનકડી ટીટોડી કઈ રીતે બચી ગઈ ? તે એટલા માટે જીવિત રહી ગઈ કે પેલા ગજઘંટની નીચે તે આવી ગઈ, અને સંજોગવશાત્ ઘંટે તેનું રક્ષણ કર્યું.

સાર્વત્રિક શાસ્ત્રપ્રયોગ, હિંસા અશાંતિ તેમ જ અરાજકતાના વાતાવરણમાં વિનોબા સર્વોદય-પાત્ર રૂપી આ નાનકડા ઘંટનો ઉપયોગ કરી રહ્યા છે. આ કોઈ એક પાવિત્ર્યવાદીઓનું ભાઈચારો કેળવવાનું આંદોલન નથી. એમાં બહુ મોટી મહત્ત્વાકાંક્ષા પણ નથી. સંકેત તો વ્યાપક જ હોય છે, એટલા માટે તે વિશ્વશાંતિનું પ્રતીક અવશ્ય છે. પરંતુ વિશ્વશાંતિનું પ્રતીક એટલા જ અર્થમાં છે, જેટલા અર્થમાં શાલિગ્રામ વિશ્વપોષક ભગવાનનું પ્રતીક છે, એથી ઓછું નહીં. શાલિગ્રામની જો ભક્તિ, નિષ્ઠા અને આચરણથી પ્રાણ-પ્રતિષ્ઠા ન થાય તો શાલિગ્રામમાં કશું સત્ત્વ ન હોય; તે ગંડક નદીનો ધોયેલા મૂળા જેવો કોરોકટ પથરો ને પથરો જ રહે. આ સર્વોદય-પાત્રમાં કોઈ શક્તિ આવશે કે નહીં તે અંતે તો આપણી ભાવના, પ્રામાણિકતા અને આપણા અંતઃકરણની પ્રતીતિ પર નિર્ભર છે. નમ્રતાપૂર્વક હું તેનું આવાહન કરું છું. એમાં અન્નનું દાન આવશ્યક છે. પરંતુ એ મુખ્ય પ્રતીક તો છે અભય-દાનનું, શાંતિસ્થાપનાનું. દુનિયામાં નિઃશસ્ત્રીકરણના પ્રયોગો થઈ રહ્યા છે, શાંતિ-સેનાની વાતો ચાલી રહી છે. એને માટે એક અદનો નાગરિક વાતાવરણ કઈ રીતે બનાવી શકે છે તેની માત્ર આ નિશાની છે, રેંટિયો ક્રિયાત્મક નિશાની છે, રચનાત્મક નિશાની છે, એ જ પ્રકારે સર્વોદય-પાત્ર ભાવરૂપ શાંતિસ્થાપનાની સંમતિની અને એની જવાબદારીની નિશાની છે.

**વિનોબા-જયંતી, ૧૯૫૮ (વારાણસી)**

## : ૮ : મૂઠી ધાનનો સંદેશ

જુગતરામ દવે

આપણા દેશમાં અન્નદાનની પંરપરા ઠેઠ પ્રાચીનયુગથી માંડીને આજની ઘડી સુધી બરાબર ચાલુ રહી છે. કેવળ વૈશ્વદેવ જ નહીં, અન્નદાન પણ પહેલાં થતું હતું. અને આજે પણ થઈ રહ્યું છે. યજ્ઞમાં જે હવિર્ભાગ આપતા હતા યજ્ઞના જે આચાર્ય હતા અને જે અનુષ્ઠાતા (યજમાન) હતા તેમને પણ સંરક્ષણને માટે ક્ષત્રિયોની સહાયતા માગવી પડતી હતી. વિશ્વામિત્ર ઋષિને રાજા દશરથની પાસે જઈને રામ-લક્ષ્મણ માટે ધા નાખવી પડી. ભોજનમાં બીજાઓને સામેલ કરવા સુધીની જ નિશાની કેવળ આ નથી. સામાજિક જીવનને શાંત ને નિર્ભય -- કમજોરમાં કમજોર નાગરિકને માટે પણ – બનાવવાની એ નિશાની છે, એનું એ પ્રતીક છે.

આપણી સંસ્થાઓમાં સર્વોદય-પાત્રનો નિયમ ચાલ્યો છે. જ્યાં એ ન ચાલતો હોય ત્યાંના કાર્યકર્તાઓ તે અહીં જુએ અને ઘરે જઈ તેને અનુસરે. આપણા જીવનમાં અને મનમાં સર્વોદય વિચાર તાજો રહે એ એનો ઉદ્દેશ છે. તેનું સતત ચિંતન થવું જોઈએ. વિનોબાએ સર્વોદયનો અર્થ બહુ સરળ ભાષામાં આપ્યો છે. સર્વોદય એટલે સત્ય, પ્રેમ, કરુણા. આપણે એને ત્રણ વાર બોલીએ. આ ત્રણ શબ્દોમાં સર્વોદયનો સંપૂર્ણ અર્થ સમાઈ જાય છે.

આ અત્યંત સરળ શબ્દો છે. આપણા જીવનમાં, આપણી સંસ્કૃતિમાં જમાનાઓથી તે ઊતરી આવેલા છે. એ શબ્દો આપણા જીવનમાં સ્થાપિત થાય અને એથી ઊલટો વિચાર આપણને સ્વપ્ને પણ ન આવે એવો આપણો પ્રયત્ન હોવો જોઈએ.

વિશેષમાં સર્વોદય-પાત્રને મૂઠીભર અનાજ સાથે પણ સાંકળ્યું છે. શંકા થશે કે આપણા જીવનમાં સત્ય, પ્રેમ અને કરુણા ઊતરે તેને મૂઠી અનાજ સાથે શું સંબંધ ? મૂઠી અનાજ માટે એટલે પેટ ભરવા માટે જો તમે સત્ય સાચવો નહીં, પ્રેમ છોડી દો અને કરુણા જીવનમાં વહેવડાવો નહિ, મૂઠી અનાજ માટે જો આપણે હલકાં પડીએ, નીચાં પડીએ, દબાઈએ, તો સર્વોદય ન થાય. આવું સમાજમાં મોટે ભાગે બનતું હોય છે. આપણે પણ એમાં અપવાદ નથી, સિવાય કે આપણો સતત પ્રયત્ન હોય. પેટ તો સૌએ ભરવાનું છે, કમાણી સૌએ કરવાની છે, પણ મૂઠીભર અનાજ માટે આપણે દીન, લોભિયા અને લાલચુ ન બનીએ. એ મૂઠી અનાજ માટે આપણે ગમે તેવી શરતો ન સ્વીકારીએ.

મૂઠી અનાજ માટે કંઈ પણ ધંધો, રોજગાર કે નોકરી કરવાં પડે છે. પણ કરવા છતાં સેવક પોતાને માત્ર નોકરિયાત માણસ ન માને. ગમે ત્યાં કામ કરીએ. પરંતુ આપણું જીવન તેજસ્વી રહેવું જોઈએ અને આપણે આપણો આત્મા ન ગુમાવીએ.

આ સર્વોદય-પાત્રનું મૂઠી અનાજ આવા તેજસ્વી સેવકો માટે છે. જેમને તેજસ્વી સેવક રહેવું છે એમણે સર્વોદય-પાત્ર પર શ્રદ્ધા રાખવી. આપણે ગાય માતાનું દૂધ દોહીએ છીએ, એને મારી નાખતા નથી. એની સેવા કરીને પ્રસાદી લઈએ છીએ. તેવી રીતે આપણે સમાજની સેવા કરીએ અને સર્વોદય-પાત્રના ચપટી-મૂઠી અનાજની આશા રાખીએ. આપણું તેજ તીવ્ર હોય તો મૂઠી ઘણી નાની હશે; આપણું તેજ મંદ તેટલે દરજ્જે મોટી મૂઠીની જરૂર પડશે. આમ સર્વોદય-પાત્ર સાથે બે વિચાર સંકળાયેલા છે :

(૧) આપણે સર્વોદયનું એટલે કે સત્ય, પ્રેમ, કરુણાનું જીવન ગાળવું અને (૨) પેટને ખાતર સમાજમાંથી મળતી મૂઠીથી સંતોષ માનવો. આપણે પરમાત્મા સિવાય બીજા કોઈની નોકરી કરતા નથી. સર્વોદય-પાત્રનો આ વિચાર સમાજને સમજાવવો જોઈએ, પ્રિય બનાવવો જોઈએ, જેથી ઘરઘરમાં લોકો પ્રેમથી આ પાત્રો રાખશે, અને આખરે આના અન્નમાંથી સેંકડો-હજારો તેજસ્વી સેવકો દેશમાં સેવા કરતા થશે.

## : ૯ : વિનોબાના ખેપિયા બનીએ

રવિશંકર મહારાજ

અમદાવાદમાં ઘેર ઘેર સર્વોદય-પાત્ર મુકાવવા હું ફરતો હતો, તે વારની વાત છે. ઉસ્માનપુરા વિસ્તારમાં બંગલાની બાજુમાં એક ઝૂંપડી હતી. તેમાં ઠાકરડા કોમની બે વિધવા સાસુ-વહુ રહે. એક ભેંસ રાખીને તેના પર ગુજારો ચલાવે. હું ઝૂંપડીમાં ગયો. એમની સ્થિતિ જોઈને મેં કહ્યું, 'બહેન, તમે રહેવા દો. તમે નહીં મેલો તો ચાલશે. એ નિત નાંખવું પડે. રોજનો એક પૈસો નાંખવો પડે, અને તમારે ઘેર કોઈ મરદ કમાનાર નથી.'

'તે તેથી શું, મહારાજ ?' વિધવા ડોશી બોલ્યાં.

'અમે ફાવે તો મજૂરીએ જઈશું, પણ તમારો પૈસો નાખીશું.'

મેં ફરી કહ્યું, ' પણ તમે રહેવા દો !'

બાઈ કહે, 'ના મહારાજ, કહું છું ને કે મજૂરીએ જઈશ, પણ તમારો પૈસો નાંખીશ.'

હું શું બોલું ? જોઈ જ રહ્યો. આવા પાવન પ્રસંગો હૈયાને હલાવી જાય છે. આવાંના પરસેવાનો શુદ્ધ કંચન જેવો પૈસો ! એનો શો ઉપયોગ થશે ? વાપરનારો એ કેવે રસ્તે વાપરશે ? એ સિંહણનું દૂધ જરાવે એવો સિહંસૂત – કાર્યકર જોઈશે.

હું તો લોકોને કહેતો કે અલ્યા, આ તો કસ્તુરભાઈ લાલભાઈને ત્યાંથીયે એક પૈસો ને ગરીબને ઘેરથીયે એક પૈસો ! એનો શો અરથ ? આ તો તમારી સંપત્તિ છે. અશાંતિ નહીં કરવાનો સંકલ્પ છે. ને છતાં તોફાન થાય જ તો આ સેવકો ખપ લાગશે.

આપણને આપણા સેવકોનું ભાન નથી હોતું. પેલો વાળનારો આવીને આંગણું વાળી જાય. પછી ફરી આપણે કચરો આંગણામાં જ નાંખીએ છીએ. પણ જો આપણને ભાન હોય કે આ વાળનારો તે આપણા જ ટેક્સમાંથી પોષાતો માણસ છે, તો એમ ગમે તેમ કચરો નહીં નાંખીએ. તેમ આ સર્વોદય-પાત્ર મારફતે આપણે આપણા સેવકો વિશે ભાન રાખવાનું છે, એ સેવકોને ઓળખવાના છે.

ઘણી વાર લોકો પૂછે છે કે એકી સાથે મહિનાના પૈસા આપી દઈએ, તો ચાલે કે નહીં ? ત્યારે હું કહું છું કે ના ભાઈલા, જો તમે તમારી સંમતિ આ કામને આપો છો, એને સારુ તમારો પૈસો આપો છો, તો પછી તમારા કુટુંબ અને બાળકોને જે સંસ્કાર મળે છે, તે શા સારુ ગુમાવો છો ?

વળી, કેટલાક એમ પણ પૂછે છે કે આ પાત્રો ન ટકયાં તો ? હવે, પાત્ર તો પ્રજામાં ભક્તિ હશે તો ટકશે. અને સામે એવો સેવક હશે, ફણગો ફૂટેલો હશે, તો લોકો એને પોષશે. આ તો પ્રયોગ છે. ખેડૂત ખેતરમાં વાવે છે. પણ એ ઊબળી જાય છે, તો ફરી વાવે છે.

આ તો અહિંસક ક્રાંતિ કરવાની છે. ખેતરમાં જેમ એકલું વાવવાનું કામ કરવાનું નથી હોતું. નીંદવું, ગોડવું, રાંપડી ફેરવવી ને એવું એવું ઘણું કરવાનું હોય છે. તેમ ક્રાંતિમાં પણ ઘણી બાજુથી ઘણું કરવાનું હોય છે. એમ કરતાં કરતાં સમાજમાં ક્રાંતિ થાય. આપણે તો વિનોબાના ખેપિયા બની સર્વોદય-પાત્ર મુકાવવાનાં છે.

## : ૧૦ : ચાલો, ગોળે ગળણું બાંધીએ

બબલભાઈ મહેતા

કુટુંબમાં નાનું બાળક સૌને વહાલું હોય છે. એનામાં સારા સંસ્કાર પડે એ દરેક માબાપને ગમે છે. સર્વોદય-પાત્ર નના બાળકમાં અને એ નિમિત્તે આખા કુટુંબમાં સુસંસ્કારના બીજ રોપવા માટેનો કાર્યક્રમ છે. પેટવરામાંથી પુણ્યવરો કરવાનો કાર્યક્રમ છે. નાના બાળકની એક મૂઠી અનાજ અગર એક પૈસો અંગત ઉપયોગમાંથી સમાજહિત માટે બહાર કાઢવાં કોઈનેય ભારે પડે એવું નથી. આમ નવો સમાજ રચવા માટે કુટુંબમાં પ્રવેશ મેળવવાની આ ચાવી છે.

### નવા સમાજના મૂલ્યની શરૂઆત

આજકાલ માણસનું મન કેવળ ભૌતિક સુખસગવડ અને પૈસા તરફ વળી ગયું છે. એમાંથી આખરે સુખ-શાંતિ પણ નથી મળતી. કારણ કે ભૌતિક સુખસગવડ અને પૈસા પાછળની દાટ માણસ પાસે અનેક ન કરવા જેવાં કામો કરાવે છે. એમાંથી અન્યાય અને શોષણ અને આખરે અશાંતિ પેદા થાય છે. આપણા ઉપનિષદોએ તો ગાયું છે કે "ત્યાગીને ભોગવી જાણો." માણસ કાંઈ ખાઉધરો ગીધ નથી. એને ખાવામાં મજા પડે છે એના કરતાં પણ કેટલીક વખત ભૂખ્યાને ખવડાવવામાં મજા પડતી હોય છે. આ એનો અસલી માનવીય ગુણ વિકસાવવાનો આ કાર્યક્રમ છે. નવો સમાજ આ માનવીય મૂલ્ય ઉપર ઊભો કરવો હોય તો એનો આ સંસ્કાર સર્વોદય-પાત્રની મૂઠી કે પૈસાથી જ નહિ પણ માબાપ, શિક્ષક અને પડોશીના રોજબરોજના બીજા માટે આવા નાના મોટા ત્યાગ કરવાના જીવનપ્રસંગો જોઈ - જાણીને સભર બનવો જોઈએ.

### સર્વોદયપાત્ર એ જ શાંતિપાત્ર

આપણે ત્યાં કહેવત છે કે સંપ ત્યાં જંપ. કોઈ પણ સારું કામ પાર પાડવું હોય, સાચો વિકાસ સાધવો હોય, તો શાંતિનું વાતાવરણ જોઈએ. પણ શાંતિ કાંઈ શાંતિ શાંતિ શાંતિ બોલવાથી નથી આવી શકતી. શાંતિ ટકે, શાંતિ વધે અને શાંતિ ગમે એવાં કામો થાય તો જ શાંતિનું વાતાવરણ પેદા થાય.

બાળકને આપણે પૂછી શકીએ છીએ : તને શાંતિ ગમે કે અશાંતિ ? : તો એ કહેશે : શાંતિ. તને કોઈ ગાળ દે તો તને ગમે ? તો કહેશે : ના. તને કોઈ મારે તો ગમે ? તો કહેશે : ના. તારી ચીજ વસ્તુ કોઈ પડાવી લે તો તને ગમે ? તો કહેશે : ના. ત્યારે આવાં કામો થાય છે તો આપણી શાંતિ ખોવાઈ જાય છે. એ જ પ્રમાણે આપણે બીજા સાથે એમ વર્તીએ તો એની શાંતિ પણ ખોવાઈ જાય.

તો આપણે શાંતિ જોઈતી હોય તો શાંતિ ટકે એવાં કામો કરવાં, એવી વાણી બોલવી અને એવા વિચારો કરવા. આપણે સર્વોદય-પાત્ર ચલાવનારાં આમ સર્વની શાંતિ સચવાય એવું માનનારાં છીએ. તો સર્વોદયપાત્રમાં મૂઠી અન્ન નાખનાર કે પૈસો નાખનારથી અશાંતિ થાય એવી કોઈ ક્રિયા શી રીતે થાય ? એથી જ સર્વોદયપાત્રનું બીજું નામ થયું શાંતિપાત્ર. ક્યાંક અશાંતિ થઈ હોય તો ત્યાં પ્રેમ અને સમજણ ફેલાવીને, સહન કરીને શાંતિ સ્થાપવા જનાર શાંતિસેનાની પ્રવૃત્તિને પણ આ પાત્ર દ્વારા ટેકો મળતો હોય છે.

## ખવડાવીને ખાવું

પશુ-પંખી એકલાં એકલાં ખાઈ લેતાં હોય છે. કેટલીક વખતે કોઈ બીજું ખાવા આવે તો એની સાથે લડતાં પણ હોય છે.

પણ મનુષ્યને ત્યાં કોઈ અજાણ્યું આવી ચડે એ વખતે પાણી પીવાની તૈયારી કરતો હોય છે તો એ પાણીનો પ્યાલો પહેલાં આવનાર સામે ધરે છે. પોતે જમવા બેસવાની તૈયારી કરતો હોય છે એટલામાં કોઈ આવી ચડે છે તો કહે છે : ચાલો, હાથ પગ ધોઈને જમવા બેસી જાઓ. આ છે માણસની ખાસિયત--જમાડીને જમવું. સર્વોદય-પાત્રમાં આપણે રોજ જમતા પહેલાં બીજા કોઈ માટે એક મૂઠી અલગ કાઢીને જમાડીને જમવાનો સંસ્કાર દ્રઢ કરીએ છીએ.

## જીવનજાગૃતિનું બીજારોપણ

વિનોબા નાના હતા ત્યારે એમની માતાએ એમના વાડામાં ઊગેલા ફણસનું પહેલું ફળ જાતે ખાતા પહેલાં આડોશીપાડોશી અને સગાંવહાલાઓમાં વહેંચવાનો એક સંસ્કાર પાડયો. એ સંસ્કાર એમના જીવનમાં કેવો ફૂલ્યોફાલ્યો ! એ તો મોટા ત્યાગી અને ઋષિ બની ગયા. એમના જીવનની જાગૃતિનું બીજારોપણ થઈ ગયું. એમને સમજાઈ ગયું કે "દે તે દેવ અને રાખે તે રાક્ષસ". આ જ બીજારોપણ આપણા સમાજના એકેએક કુટુંબમાં થાય એ માટે એમણે સોર્વદયાપત્રનો કાર્યક્રમ આપ્યો છે.

## મૂલ્યપરિવર્તન એ જ ક્રાન્તિ છે

માણસ સારું અને સંયમી જીવન જીવવાનો સંકલ્પ કરે, માણસ પોતાનાં કામો જાતે કરીને સ્વાશ્રયી રહેવાનો સંકલ્પ કરે, માણસ બુદ્ધિની જેમ શ્રમ અને ચારિત્ર્યનું પણ સાચું ગૌરવ કરે, માણસ ભૌતિક સુખ આત્માને ભોગે નથી

ભોગવવું એવો સંકલ્પ કરે, માણસ વ્યસનો, કુટેવો, કુસંસ્કારો અને વધુ જરૂરિયાતોથી દૂર રહેવાનો, માણસ બીજાનું શોષણ કરીને નથી જીવવું એવો સંકલ્પ કરે, તો એણે આજનાં ચાલુ મૂલ્યો છોડી એમાં પરિવર્તન કર્યું કહેવાય. એથી હું કહું છું કે મૂલ્ય-પરિવર્તન એ જ ક્રાંતિ છે.

સર્વોદય-પાત્ર મારફત આપણે આવા આવા સુવિચારો અને સુસંસ્કારો ફેલાવવા માગીએ છીએ.

## ગોળે ગળણું બંધાય, આભે નહિ

આપણો સમાજ સારો બની જાય એવું આપણે સૌ ઇચ્છીએ છીએ. પણ બધા એ પ્રમાણે વર્તતા નથી એટલે એવું બને શી રીતે ? આમ કેટલાક નિરાશ થઈ જાય છે. પણ સમાજનું એકમ છે કુટુંબ. આપણામાં કહેવત છે કે 'ગોળે ગળણું બંધાય, આભે નહિ'. એમ આખા સમાજને સુધારવા ન બેસાય. એકેએક કુટુંબ સુધરી જાય તો સમાજ સુધરી જાય. એકેએક ગોળે ગળણું બંધાઈ ગયું એથી બધા ગાળેલું પાણી પી શકે છે. સર્વોદય-પાત્ર મારફત આપણે કુટુંબો દ્વારા સમાજમાં પહોંચવા માગીએ છીએ.

## કૂવામાં હશે એટલું હવાડામાં આવશે.

આમ સર્વોદય-પાત્ર મારફત આપણે અહિંસક સમાજનું નવનિર્માણ કરવું છે. નયી તાલીમની શરૂઆત કરવી છે. સમાજમાં વિચાર અને હૃદય-પરિવર્તનની પ્રક્રિયા ચલાવવી છે. જીવનમાં નવી જાગૃતિ પેદા કરવી છે. સંસ્કારસંપન્ન પરિવારો તૈયાર કરવા છે, શાંતિ-સૈનિકો તૈયાર કરવા છે, સ્વચ્છ અને સંપન્ન ગામડાંઓ બનાવવાં છે. પ્રજામાં સ્વરાજ્યશક્તિ ઊભી કરવી છે. સર્વોદય સાહિત્યનો ધોધ વહેવડાવવો છે.

કોઈ કહેશે આ નાનકડા સર્વોદય-પાત્રમાં આ બધું શી રીતે સધાય ? એ તો એવું છે કે કૂવામાં હોય એટલું હવાડામાં આવે. એમ એ પાત્ર ચલાવનાર કાર્યકર માબાપ કે શિક્ષકની જેટલી સમજણ અને શક્તિ એટલી એ સર્વોદય-પાત્રની શક્તિ.

એમાં વિવેક પણ જોઈએ. કોણ કેટલું ઝીલી શકશે, કોની પાસે ક્યારે અને શું પીરસવું એનો ખ્યાલ હોય તો જ પીરસેલું પચે.

★ ★ ★

Acc. No. 130263
Date 9-9-2010

# રી મૈયા મૈં નહીં તબ તક ખાઊં !

મૈં નહીં તબ તક ખાઊં
રી મૈયા ! મૈં નહીં તબ તક ખાઊં.
જબ તક સર્વોદય-પાત્ર મેં ધાન મુટ્ઠીભર પાઊં,
રી મૈયા ! મૈં નહીં તબ તક ખાઊં.

રામ કા અન્ન હૈ, રામ કા ધન હૈ, રામ કા ચાંદી સોના,
રામ કા નામ લિયે બિના ખાના, રામ સે ઝૂઠા હોના;
રામ કી નગરી હૈ યહ સગરી, સો કૈસે બિસરાઊં,
રી મૈયા ! મૈં નહીં તબ તક ખાઊં.

સબ કી ભલાઈ કા યહ બરતન, બહુત મુઝે હૈ પ્યારા,
જગ મેં લાયેગા પરિવર્તન, કૌન રહેગા ન્યારા;
સોયી કરુણા જાગ રહી હૈ, સોયા પ્રેમ જગાઊં.
રી મૈયા ! મૈં નહીં તબ તક ખાઊં.

સાધન-હીન રહે નહીં કોઈ, ઔર ન ભૂખા-નંગા,
વિશ્વ મેં અબ હોને નહીં પાયે, કોઈ લડાઈ-દંગા;
શાંતિ કા નાદ બજે ઘર-ઘર મેં ઐસા રંગ જમાઊં,
રી મૈયા ! મૈં નહીં તબ તક ખાઊં.

સંત વિનોબા બોલ રહા હૈ, સત્ય પ્રેમ કી બાની,
બૈર સે કામ સદા બિગડેગા, ઝૂઠ સે હોગી હાનિ;
સ્નેહ કી ડોર મેં સબ કો બાંધૂં ઔર સ્વયં બંધ જાઊં.
રી મૈયા ! મૈં નહીં તબ તક ખાઊં.

—દુખાલયજી



કીમત રૂ. બે

Library IIAS, Shimla
GJ 891.474 V 77
00130263

SABARMATI ASHRAM
000817 Ahmedabad
SARVODAY PATRA GUJ.
MRP:Rs.2